
# પ્રાચીન સ્તવનાવલી

## ૨૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાન





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,<br>
એ છે ચૌદ પૂર્વનો સાર;<br>
એના મહિમાનો નહિ પાર,<br>
એનો અર્થ અનંત અપાર.૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો,<br>
સમરો દિન ને રાત;<br>
જીવતા સમરો, મરતાં સમરો,<br>
સમરો સૌ સંગાથ.૨

જોગી સમરે ભોગી સમરે,<br>
સમરે રાજા રંક;<br>
દેવો સમરે, દાનવ સમરે,<br>
સમરે સૌ નિશંક.૩

અડસઠ અક્ષર એના જાણો,<br>
અડસઠ તીરથ સાર;<br>
આઠ સંપદાથી પરમાણો,<br>
અડસિદ્ધિ દાતાર.૪

નવ પદ એના નવનિધિ આપે,<br>
ભવોભવનાં દુઃખ કાપે;<br>
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,<br>
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૨૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**


શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર, નેહરૂબ્રીજના નાકે,
આશ્રમ રોડ, અમદાવાદ

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજ્યોના સ્તવનોનો સંગ્રહ આ સાથે આપના કરકમલમાં મૂકતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| નયરી વાણારશીએ થયા | શ્રી વીરવિજયજી | ૧ |
| આશ પૂરે પ્રભુ પાસજી | શ્રી પદ્મવિજયજી | ૧ |
| કસિણ ચોથ ચૈત્રહ તણી | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |
| જય ચિંતામણી પાર્શ્વનાથ | | ૨ |
| જય જય શિખર ગિરીશ ઈશ | | ૩ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| તું પ્રભુ મારો હું પ્રભુ તારો | શ્રી જ્ઞાનવિમલજી | ૪ |
| રાતા જેવા ફૂલડાંને | શ્રી ઉદયરત્ન | ૫ |
| આવો ! આવો પાર્શ્વજી મુજ | શ્રી માણેકવિજયજી | ૬ |
| પ્યારો પ્યારો રે ! હો વ્હાલા મારા | શ્રી જ્ઞાનવિજયજી | ૭ |
| મનમોહન પ્રભુ પાર્શ્વજી | શ્રી મોહનવિજયજી | ૮ |
| નવખંડાજી હો પાર્શ્વ | શ્રી કાંતિવિજયજી | ૯ |
| તારા નયના રે પ્યાલા | શ્રી અમૃતવિજયજી | ૧૦ |
| સમય સમય સો વાર સંભારૂં | શ્રી મોહનવિજયજી | ૧૦ |
| અંતરજામી સુણ અલવેસર | શ્રી જિનહર્ષવિજયજી | ૧૧ |
| કોયલ ટહુકી રહી મધુવનમેં | શ્રી ઉદયરત્નવિજયજી | ૧૨ |
| અબ મોહે ઐસી આય બની | શ્રી જશવિજયજી | ૧૩ |
| ચિત્ત સમરી શારદા માય રે | શ્રી દીપવિજયજી | ૧૪ |
| ધ્રુવપદ રામી હો ! સ્વામી | શ્રી આનંદઘનજી | ૧૫ |
| વામાનંદન, જિનવર, | શ્રી યશોવિજયજી | ૧૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચઉ કષાય પાતાલ-કલશ જિહાં | શ્રી યશોવિજયજી | ૧૭ |
| નયરી વાણારસી અવતર્યો હો | શ્રી યશોવિજયજી | ૧૮ |
| વામાનંદ શ્રી પાસ | શ્રી ભાણવિજયજી | ૧૯ |
| મેરે જીયમેં લાગી આસકી | આણંદવર્ધનજી | ૧૯ |
| વામારાણી-જાયા રે, સુર-નર | શ્રી લક્ષ્મીવિમલજી | ૨૦ |
| શ્રીપાસજી પ્રગટ-પ્રભાવી | શ્રી માનવિજયજી | ૨૧ |
| પુરિસાદાણી પાસ કે આશ સફળ | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૨૨ |
| પાસજિન ! સેવક જન આધારે | શ્રી ભાવવિજયજી | ૨૩ |
| પાસ-જિણેસર ! પૂજો બહેની રે | શ્રી વિનય વિજયજી | ૨૪ |
| આશા પૂરે સદા પાસ પરમેસરુ | શ્રી વિનય વિજયજી | ૨૪ |
| વામાજીકે નંદ, અરજ | શ્રી હરખચંદજી | ૨૫ |
| પ્રબળ-પ્રભાવે પરગડો રે, | શ્રી નયવિજયજી | ૨૫ |
| તારક જિન તેવીસમા પ્રભુ | શ્રી ઋષભસાગરજી | ૨૬ |
| ચાલ ચાલ રે કુંઅર | શ્રી ઉદયરત્નજી | ૨૮ |
| વામાનંદન પાસજિણંદા | શ્રી જિનવિજયજી | ૨૮ |
| પરમ-પુરુષ પરમાતમા સાહિબજી | શ્રી જિનવિજયજી | ૨૯ |
| સુણો પાસ-જિણેસર | શ્રી હંસરત્નજી | ૩૦ |
| વામાનંદ હો ! પ્રાણથકી છો પ્યારા | શ્રી મોહનવિજયજી | ૩૧ |
| પ્રભુજી પાસજિણંદ ! ત્હારી રે | શ્રી રામવિજયજી | ૩૨ |
| સેવો ભાવેજન જિન ત્રેવીશમો | શ્રી રામવિજયજી | ૩૩ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| કાંઈ જોજ્યો ! કાંઈ જોજ્યો રે | શ્રી કાંતિવિજયજી | ૩૪ |
| ચિંતામણ પાસજી ગમે રે, પાસજી | શ્રી ન્યાયસાગરજી | ૩૪ |
| મનનો માનીતો મિત્તો જો મિળે | શ્રી ન્યાયસાગરજી | ૩૫ |
| પાસ પ્રભુ તેવીશમા રે | શ્રી પદ્મવિજયજી | ૩૬ |
| પરવાદી ઉલૂકો પરિ હરિ સમ | શ્રી પદ્મવિજયજી | ૩૭ |
| પાર્શ્વજિન પૂર્ણતા તાહરી જી | શ્રી કીર્તિવિમલજી | ૩૮ |
| વામાનંદન પાસ જિણંદ | શ્રી કીર્તિવિમલજી | ૩૯ |
| શ્રી કર શ્રીજિનપાસજી | શ્રી દાનવિમલજી | ૪૦ |
| નિરમલ નીરે અંગ પખાલી | શ્રી વિનીતવિજયજી | ૪૧ |
| વારી જાઉં રે ચિંતામણિ | શ્રી અમૃતવિજયજી | ૪૨ |
| પુરિશાદાણી પાસ જિનેશ્વર | શ્રી પ્રમોદસાગરજી | ૪૨ |
| શ્રી પાર્શ્વજિનેશ્વર પરમ દયાનિધિ | શ્રી ભાણચંદ્રજી | ૪૪ |
| પુરિસાદાણી પાસજી | શ્રી ખુશાલમુનિજી | ૪૫ |
| નયરી વારાણસી સાહેબો | શ્રી ચતુરવિજયજી | ૪૬ |
| સહજ ગુણ-આગરો સ્વામી | શ્રી દેવચંદ્રજી | ૪૭ |
| મન મોહન મેરે પ્રાણથી પ્યારે | શ્રી જીવણવિજયજી | ૪૮ |
| સકલ-કુશલ-તરૂ પોષવા રે | શ્રી દાનવિજયજી | ૪૯ |
| જિનવર પાસ - પસાઉલે | શ્રી મેઘવિજયજી | ૫૦ |
| સુણ સાહેબ ! પ્રભુ | શ્રી કેસરવિમલજી | ૫૧ |
| ત્રિભુવન-નાયક પાસ | શ્રી કનકવિજયજી | ૫૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અશ્વસેન-સુત સુંદર સોહૈ | શ્રી રૂચિર વિમલજી | ૫૩ |
| અશ્વસેન-જાતક પ્રતિ | શ્રી રૂચિરવિમલજી | ૫૪ |
| સૂરતિ પ્યારી હો ! પ્રભુજી | શ્રી રૂચિર વિમલજી | ૫૫ |
| વાલ્હપણું જિનરાજસ્યું માહરઇ | શ્રી ભાવપ્રભસરિ | ૫૬ |
| વામા-નંદન પાસ-જિણંદ, પામ્યા | શ્રી કીર્તિવિમલજી | ૫૭ |
| ત્રિભુવન-નાયક વંદીયે રે લો | શ્રી રતનવિજયજી | ૫૮ |
| પુરિસાદાણી પાસજી, પ્રભુ | શ્રી માણેકમુનિ | ૫૯ |
| પ્રગટ પૂરેવા મન કામના | શ્રી દીપવિજયજી | ૬૦ |
| વાણારસી નયરી | શ્રી ધર્મકીર્તિગણિ | ૬૧ |
| જી રે ! આજ દિવસ ભલેં | શ્રી સ્વરૂપચંદજી | ૬૨ |
| પાસ-જિનેસર પુણ્યે મલિયો | શ્રી જશવિજયજી | ૬૩ |
| વિમલવર સકલ ગુણ-રયણાયરૂ | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૬૪ |
| પ્રભુ ! મેરે ! કર એસી બક્ષીસ | શ્રી ગુણવિલાસજી | ૬૬ |
| વિમલ વરદાયી હે પારસ | શ્રી જગજીવનજી | ૬૬ |
| માન તજ મેરે પ્રાણી | શ્રી જિનહર્ષજી | ૬૮ |
| મેરે સાહિબ તુમ હી હો | શ્રી યશોવિજયજી | ૬૯ |
| પ્રભુ ! જગજીવન ! જગબંધુ | શ્રી મોહનવિજયજી | ૭૦ |
| મોહન ! મુજરો લેજો ! રાજ | શ્રી ખીમાવિજયજી | ૭૧ |
| શ્રી પાસજી પ્રગટ પ્રભાવી | શ્રી માનવિજયજી | ૭૨ |
| સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા | શ્રી શુભવીર ગણિ | ૭૩ |

| | | |
|---|---|---|
| પરમપુરુષ પરમાતમા-સાહેબજી, | શ્રી ક્ષમાવિજયજી | ૭૪ |
| આજ શંખેશ્વર-જિન ભેટીએ | શ્રી શુભવીર ગણિ | ૭૫ |
| પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર | શ્રી પદ્મવિજયજી | ૭૬ |
| શ્રી ચિંતામણિ-પાર્શ્વજી | શ્રી યશોવિજયજી | ૭૭ |
| તારી મૂરતિનું નહિ મૂલ રે | શ્રી ઉદયરત્ન | ૭૮ |
| પાસ જિન ! તાહરા રૂપનું | શ્રી આનંદઘનજી | ૭૯ |
| સૂરજમંડન-પાસ-જિણંદા | શ્રી યશોવિજયજી | ૮૦ |
| પાસ-પ્રભુ પ્રણમું સિર નામી | શ્રી જ્ઞાનવિમલજી | ૮૧ |
| જય જય જય જય પાસ - જિણંદ | શ્રી યશોવિજયજી | ૮૨ |
| ચિદાનંદ-ઘન પરમ-નિરંજન | શ્રી યશોવિજયજી | ૮૩ |
| પૂજા વિધિ માંહે ભાવિયેજી | શ્રી યશોવિજયજી | ૮૬ |
| ભાવપૂજાષ્ટક | | ૮૮ |
| ભાવપૂજાષ્ટક ભાવાર્થ | | ૮૯ |
| **થોય** | **કર્તા** | **પાના નં.** |
| પાસજિણંદા વામાનંદા જબ | શ્રી વીરવિજયજી | ૯૦ |
| શંખેશ્વર પાસજી પૂજીએ | શ્રી નયવિમલજી | ૯૧ |
| શ્રી પાસજિણંદા, મુખ પુનમ ચંદા | શ્રી પદ્મવિજયજી | ૯૧ |

# ચૈત્યવંદન વિધિ

## (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણરાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રાણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

નયરી વાણારશીએ થયા, પ્રાણતથી પરમેશ;
યોની વ્યાઘ્ર **સુહંકરી**, રાક્ષસ ગણ સુવિશેષ ॥૧॥
જન્મ વિશાખાએ થયો, પાર્શ્વ પ્રભુ મહારાય;
તુલારાશિ છદ્મસ્થમાં, **ચૌરાશિ** દિન જાય ॥૨॥
ધવતરૂ પાસે પામીયા એ, **ક્ષાયક** દ્દગ ઉપયોગ;
મુનિ તેત્રિશે શિવ વર્યા, વીર અખય સુખ ભોગ ॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામામાતા જનમિયા અહિ લંછન જાસ ॥૧॥
અશ્વસેન સુત **સુહંકરૂ**, નવ હાથની કાયા;
કાશી દેશ વાણારશી, પુણ્યે પ્રભુ આયા ॥૨॥
એકસો વર્ષનું આઉખુંએ, પાળી પાર્શ્વ કુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

કસિણ ચોથ ચૈત્રહ તણી, પ્રાણતથી આયા;
પોષ વદિ દશમે જનમ, ત્રિભુવન સુખ પાયા ॥૧॥
પોષ વદી અગ્યારશે, લહે મુનિવર પંથ;
કમઠાસુર ઉપસર્ગનો ટાલ્યો પલિમંથ ॥૨॥
ચૈત્ર કસિણ ચોથહ દિને એ, જ્ઞાનવિમલ ગુણ નૂર;
શ્રાવણ સુદિ આઠમે લહ્યા, અવિચલ સુખ ભરપુર ॥૩॥

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી.....૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભવતણાં, પાતક સબ દહીએ.....૨
ૐ હ્રીઁ વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વનામ;
વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચલ ઠામ.....૩

# શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

જય જય શિખર ગિરીશ ઈશ, વીશ જીનેશ્વર નામી;
અણસણ કરી ઈહાં કને, પંચમી ગતિ પામી.....૧

બીજા પણ બહુ મુનિવરા, શિવગતિના ગામી;
પરમાતમ પદ પામીઆ, વંદુ શીર નામી.....૨

એ અવદાત સુણી કરી, હું એ પદ કામી;
આવ્યો છું તુજ આગળે, કીમ કીજે ખામી.....૩

શ્રી શામળીઆ પાર્શ્વનાથ, તું છો દીન દયાળ;
એ અરજી સુણી માહરી, દો શીવપદ વિશાળ.....૪

હું અનાથ ભમીઓ ઘણું, ન મળ્યો તુમ સમ નાથ;
આપી પદ પોતાતણું, રાખો નિજ સાથ.....૫

રાગ રીસ ક્રોધે ભર્યો, નિંદકને અવિવેક;
એ સઘળું ઉવેખીને, રાખો મુજ ટેક.....૬

મુજ પાપીના પાપને એ, દૂરે કરી હજુર;
નિજ લક્ષ્મીને આપશો, આશ છે ભરપૂર.....૭

# શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

### (તું પ્રભુ મારો, હું પ્રભુ તારો)

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને નાહિ વિસારો;
મહેર કરી મુજ વિનંતિ સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો......૧

લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી;
દુર્ગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજપદ સ્થાપો......૨

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાળું મેં હાથ ધર્યો છે;
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરા માંહે તું છે ન્યારો......૩

પલ પલ સમરૂં નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હિ જિનેશ્વર;
પ્રાણ થકી તું અધિકો વ્હાલો, દયા કરી મુજને નયણે નિહાળો......૪

ભક્ત વત્સલ તારૂં બિરૂદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી;
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મનમાંહે હું ઉમાહું......૫

**જ્ઞાનવિમલ** તુજ ભક્તિ પ્રભાવે, ભવોભવના સંતાપ શમાવે;
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી, પાપ અંતરના દેજો પખાળી......૬

## કર્તા : શ્રી ઉદયરત્ન મ.

### (રાતા જેવા ફૂલડાંને)

રાતા જેવા ફૂલડાંને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઈ, રૂડો બન્યો છે રંગ,
પ્યારા પાર્શ્વજી હો લાલ, દીનદયાળ મુજને નયણે નિહાળ.....૧

જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ;
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ.. પ્યારા.....૨

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ.. પ્યારા.....૩

દેવ સઘળાં દીઠા તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિલ્લ પ્યારા.....૪

કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું કામ.. પ્યારા.....૫

## કર્તા : શ્રી માણેકવિજયજી મ.

### (આવો આવો પાર્શ્વજી)

આવો ! આવો પાસજી મુજ મળીયા રે, મારા મનના મનોરથ ફળીયા;
તારી મૂરતિ મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે;
તમને મોહી રહ્યા સુર નર નારી.આવો.૧

અલબેલી મૂરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે;
નાગ નાગણીની જોડ ઉગારી.આવો.૨

ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે છે તોરી સેવા રે;
અમને આપોને શિવપુર મેવા.આવો.૩

તમે શિવરમણીના રસિયા રે, જઈ મોક્ષપુરીમાં વસીયા રે;
મારા હૃદય કમળમાં વસીયા.આવો.૪

જે કોઈ પાર્શ્વતણા ગુણ ગાશે રે, ભવભવનાં પાતિક જાશે રે;
તેના સમકિત નિર્મળ થાશે.આવો.૫

પ્રભુ ત્રેવીશમાં જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે;
અમને દરિશન દ્યોને દયાળા.આવો.૬

હું તો લળી લળી લાગું છું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે,
એમ **માણેકવિજય** ગુણ ગાય.આવો.૭

## કર્તા : શ્રી જ્ઞાનવિજયજી મ.

### (પ્યારો પ્યારો રે ! હો વ્હાલા મારા)

પ્યારો પ્યારો રે ! હો વ્હાલા મારા પાર્શ્વ જિણંદ મને પ્યારો;
તારો તારો રે, વ્હાલા મારા ભવનાં દુઃખડા વારો.
કાશી દેશ વારાણસી નગરી, અશ્વસેન કુલ સોહીયે રે;
પાર્શ્વજિણંદા વામાનંદા મારા વ્હાલા, દેખત જન મન મોહિયે.પ્યા..

છપ્પન દિક્કુમારી મળી આવે, પ્રભુજીને હુલરાવે રે;
થેઈ થેઈ નાચ કરે મારા વ્હાલા, હરખે જિન ગુણ ગાવે.પ્યા..

કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે, બળતો ઉગાર્યો ફણી નાગ રે;
દીયો સાર નવકાર નાગકું, ધરણેન્દ્ર પદ પામ્યો.પ્યા..

દીક્ષા લઈ પ્રભુ કેવલ પાયો, સમવસરણમેં સુહાયો રે;
દીયે મધુરી દેશના પ્રભુ, ચૌમુખ ધર્મ સુણાયો.પ્યા..

કર્મ ખપાવી શિવપુર જાવે, અજરામર પદ પાવે રે;
જ્ઞાન અમૃતરસ ફરસે મારા વ્હાલા, જ્યોતિસે જ્યોતિ મિલાવે.પ્યા..

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (મનમોહન પ્રભુ પાર્શ્વજી)

મનમોહન પ્રભુ પાર્શ્વજી, સુણો જગત આધારજી;
શરણે આવ્યો રે પ્રભુ તાહરે, મુજ દુરીત નિવારજી.મનમોહન.૧

વિષય કષાયના પાસમાં, ભમ્યો કાલ અનંતજી;
રાગ-દ્વેષ મહાં ચોરટા, લૂટ્યો ધર્મનો પંથજી.મનમોહન.૨

પણ કાંઈ પૂરવ પૂન્યથી, મળીયા શ્રી જિનરાજજી;
ભવસમુદ્રમાં બુડતાં, આલંબન જિમ જહાજજી.મનમોહન.૩

કમઠે નિજ અજ્ઞાનથી, ઉપસર્ગ કીધા બહુ જાતજી;
ધ્યાનાનલ પ્રગટાવીને, કીધો કર્મનો ઘાતજી.મનમોહન.૪

કેવળજ્ઞાનથી દેખીયું, લોકાલોક સ્વરૂપજી;
વિજય મુક્તિ પદ જઈ વર્યા, સાદિ અનંત ચિદરૂપજી.મનમોહન.૫

તેપદ પામવા ચાહતો, **મોહન** કમલનો દાસજી;
મનમોહન પ્રભુ માહરી, પૂરજો મનની આશજી.મનમોહન.૬

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (નવખંડાજી હો પાર્શ્વ)

નવખંડાજી હો પાર્શ્વ, મનડું લોભાવી બેઠા આપ ઉદાસ,
તારે તો અનેક છે ને, મારે તો તું એક;
કામ ક્રોધી દેવ જોઈ, કાઢી નાખી ટેક.નવખંડા....૧

કોઈ દેવી દેવતાના, ઝાલી ઉભા હાથ;
મોઢે માંડી મોરલી ને, નાચે રાધા નાચ.નવખંડા....૨

જટા જૂટ શિર ધારે, વળી ચોળે રાખ;
ગળે તો ગિરિજાને રાખે, જોગીપણું ખાખ.નવખંડા....૩

પીરને ફકીર **જોયા**, નિરગુણી દેવ;
કાચ કણી મણી ગણી, આ તો ખોટી ટેવ.નવખંડા...૪

દેવા દેખી જૂઠડાને, આવ્યો છું હજુર;
ગુણ આપો આપના, તો **કાંતિ** ભરપુર.નવખંડા...૫

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

### (તારા નયના રે પ્યાલા પ્રેમના)

તારા નયના રે પ્યાલા, પ્રેમના ભર્યા છે,
દયા રસના ભર્યા છે, અમી છાંટના ભર્યા છે.....તારા
જે કોઈ તારી નજરે ચઢી આવે, કારજ તેનાં તેં સફળ કર્યા છે......તારા
પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તેં, જાદવનાં દુઃખ દૂર કર્યા છે......તારા
પન્નગ પતિ પાવકથી ઉગાર્યો, જનમ મરણ ભય તેહનાં હર્યા છે. ....તારા
પતિત પાવન શરણાગત વત્સલ,
દરશન દીઠે મારાં ચિતડાં ઠર્યા છે.....તારા
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, તુજ પદ પંકજ આજથી વર્યા છે......તારા
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે, **અમૃત** સુખનાં રંગથી વર્યા છે......તારા

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (સમય સમય સો વાર સંભારૂં)

સમય સમય સો વાર સંભારૂં, તુજશું લગની જોર રે;
મોહન મુજરો માની લેજે, જ્યું જલધર પ્રીતિ મોર રે, સમય.૧
માહરે તન ધન જીવન તુંહી, એહમાં જૂઠ ન માનો રે;
અંતરજામી જગજન નેતા, તું કીહાં નથી છાનો રે, સમય.૨
જેણે તુજને હીયડે નથી રાખ્યો, તાસ જનમ કુણ લેખે રે;
કાચે રાચે તે નર મુરખ, રતનને દૂર ઉવેખે રે. સમય.૩
સુરતરૂ છાયા મૂકી ગહરી, બાવલ તળે કુણ બેસે રે;
તાહરી ઓલગ લાગે મીઠી, કેમ છોડાય સવિશેષે રે, સમય.૪
વામાનંદન પાર્શ્વ પ્રભુજી, અરજી ઉરમાં આણો રે;
રૂપ વિબુધનો **મોહન** પભણે, નિજ સેવક કરી જાણો રે. સમય.૫

## કર્તા : શ્રી જિનહર્ષવિજયજી મ.

### (અંતરજામી સુણ અલવેસર)

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ-મરણ દુઃખ વારો,

સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો,
આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો. સે...૧.

સહુકોનાં મનવાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો રે;
એહવું બિરૂદ છે રાજ તમારૂં, કેમ રાખો છો દૂરે ? સે...૨.

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો. સે...૩.

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દીજે રે;
ધૂમાડે ધીજું નહીં સાહિબ, પેટ પડ્યાં પતિજે, સે...૪.

શ્રી શંખેશ્વર મંડણ સાહેબ, વિનતડી અવધારો રે;
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો, સે...૫.

## કર્તા : શ્રી ઉદયરત્નવિજયજી મ.

### (કોયલ ટહુકી રહી મધુબન મેં)

કોયલ ટહુકી રહી મધુવનમેં, પાર્શ્વ શામળિયા વસો મેરે મનમેં,
વસો મેરે મનમેં, વસો મેરે દિલમેં, પાર્શ્વ શંખેશ્વરા વસો મેરે મનમે(૨)
પાર્શ્વ..૧

કાશી દેશ વારાણસી નગરી, જનમ લીધો પ્રભુ ક્ષત્રિય કુળમેં.(૨)
પાર્શ્વ..૨

બાળપણામાં પ્રભુ અદ્‌ભૂત જ્ઞાની, કમઠકો માન હણ્યો એક પલમેં.(૨)
પાર્શ્વ..૩

નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર, નાગકો સુરપતિ કીયો એક છિનમેં(૨)
પાર્શ્વ..૪

સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યાં, સંયમે ભીંજ ગયો એક રંગમે(૨)
પાર્શ્વ..૫

સમેત શિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા, પાર્શ્વજીકો મહિમા તીન ભુવનમેં(૨)
પાર્શ્વ..૬

**ઉદય રત્નકી** એહી અરજ હૈ, દિલ અટક્યો તોરા ચરણ કમલ મેં (૨)
પાર્શ્વ.. ૭

## કર્તા : શ્રી જશવિજયજી

### (અબ મોહે ઐસી આય બની)

અબ મોહે ઐસી આય બની,.....(૨).....

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેસર, મેરો તું એક ધની...અબ..૧

તુમ બિન કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુની;

મેરો મન તુમ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભની..અબ..૨

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરની;

નામ જપું નિશિ વાસર તેરો, એ શુભ મુજ કરની..અબ..૩

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની;

નામ જપું જલધાર તિહાં તુજ, ધારૂં, દુઃખ હરની..અબ..૪

મિથ્યામતિ બહુ જન હૈ જગમેં, પદ ન ધરત ધરની;

ઉનકો અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહીં એક કની..અબ..૫

સજ્જન નયન-સુધારસ-અંજન, દુરજન રવિ ભરની;

તુજ મૂરતિ નીરખે સો પાવે, સુખ જસ લીલ ધની..અબ..૬

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (ચિત્ત સમરી શારદા માય રે)

ચિત્ત સમરી શારદા માય રે, વલી પ્રણમું નિજ ગુરૂ પાય રે;
ગાઉં ત્રેવીશમા જિનરાય, વ્હાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે;
સોના રૂપાના ફૂલડે વધાવું વ્હાલા.. થાલ ભરી ભરી મોતીડે વધાવું.
વ્હાલા...૧.

કાશી દેશ વારાણસી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે;
રાણી વામા ગૃહિણી સુરાજે.વ્હાલા..૨

ચૈત્ર વદિ ચોથે તે ચવિયા રે, માતા વામા કુખે અવતરીયા રે;
અજુઆળ્યાં સુકૃત કમાણ.વ્હાલા..૩

પોષ વદિ દશમી જગભાણ રે, હોવે પ્રભુનું જન્મ કલ્યાણ રે;
વીશસ્થાનક સુકૃત કમાણ.વ્હાલા..૪

નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખ જાવે રે;
એ તો જન્મ કલ્યાણક કહાવે..વ્હાલા..૫

પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે;
કહે **દીપવિજય** કવિરાજ.વ્હાલા..૬

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

### (રાગ સારંગ, રસિયાની દેશી)

ધ્રુવપદ[૧] રામી હો ! સ્વામી ! માહરા, નિઃકામી ! ગુણરાય-સુજ્ઞાની ! ।
નિજ-ગુણ-કામી હો ! પામી તું ધણી, ધ્રુવ-આરામી હો ! થાય
-સુજ્ઞાની ! ધ્રુવ૦ ॥૧॥

સર્વ-વ્યાપી કહે સર્વ-જાણગપણે, પર-પરિણમન-સ્વરૂપ-સુજ્ઞાની ! ।
પર-રૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વ-સત્તા ચિદ્રૂપ-સુજ્ઞાની ! ધ્રુવ ૦ ॥૨॥

જ્ઞેય અનેકેં હો જ્ઞાન અનેકતા[૨] જલ-ભાજન રવિ જેમ-સુજ્ઞાની ! ।
દ્રવ્ય એક-ત્વપણે ગુણ-એકતા, નિજ-પદ રમતાં હો ખેમ
સુજ્ઞાની ! ધ્રુવ૦ ॥૩॥

પર-ક્ષેત્રેં ગત જ્ઞેયને જાણવે, પર-ક્ષેત્રે થયું જ્ઞાન-સુજ્ઞાની ! ।
અસ્તિપણું નિજ-ક્ષેત્રેં તુમેં કહ્યા, નિર્મળતા ગુણ માન
— સુજ્ઞાની ! ધ્રુવ૦ ॥૪॥

જ્ઞેય-વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ, કાળ-પ્રમાણે રે થાય-સુજ્ઞાની ! ।
સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા, તે પર-રીતે ન જાય-સુજ્ઞાની ! ધ્રુવ ૦ ॥૫॥

પર-ભાવે કરી પર-તા પામતાં, સ્વ-સત્તા થિર-ઠાણ-સુજ્ઞાન ! ।
આત્મ[૩]-ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ
-સુજ્ઞાની ! ધ્રુવ૦ ॥૬॥

અગુરુલઘુ[૪] નિજ-ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત-સુજ્ઞાની ! ।
સાધારણ-ગુણની સાધર્મ્યતા, દર્પ્પણ જળને દૃષ્ટાંત -સુજ્ઞાની ! ધ્રુવ૦ ॥૭॥

**શ્રીપારસજિન** પારસ-રસ સમો, પિણ ઇહાં પારસ નાંહિ-સુજ્ઞાની !

પૂરણ રસીઓ હો નિજ-ગુણ પરસનો, **આનંદઘન** મુજમાંહિ
-સુજ્ઞાની ! ધ્રુવ૦॥૮॥

શાશ્વત=મોક્ષપદમાં રમનારા ૨. પાણીના વાસણમાં ૩. આત્માના અનંત ચતુષ્ટય ૪. સર્વ દ્રવ્યના ગુણ ધર્મનું પરિણમન પોતામાં ટકાવી રાખનાર અગુરૂલઘુ ધર્મની રીતે સઘળાં દશ્યો જોતાં સર્વ, સાધારણ ગુણની સમાનતા દર્પણ કે પાણીના દષ્ટાંતે ઘટી શકે (સાતમી ગાથાનો અર્થ)

## કર્તા : શ્રી ઉપા. યશોવિજયજી

### (રાગ મલ્હાર)

વામાનંદન, જિનવર, મુનિવરમાં વડો રે; કે મુનિ૦
જિમ સુરમાંહિ સોહે, સુરપતિ[૧] પરવડો[૨] રે, કે૦ સુર૦
જિમ ગિરિમાંહે સુરાચલ[૩], મૃગમાંહે કેસરી રે; કે૦ મૃગ૦
જિમ ચંદન તરૂમાંહે, સુભટમાંહી મુર[૪] - અરી રે, કે૦ સુભટ૦ (૧)
નદીયાંમાંહિ જિમ ગંગ, અનંગ[૫] સુરૂપમાં રે, કે૦ અનંગ૦
ફૂલમાંહિ અરવિંદ[૬], ભરતપતિ ભૂપમાં રે; કે૦ ભરત૦
ઐરાવણ ગજમાંહિં, ગરૂડ ખગમાં યથા રે, કે૦ ગરૂડ૦
તેજવંતમાંહી ભાણ, વખાણમાં જિનકથા રે કે ૦ વખાણ ૦ (૨)
મંત્રમાંહિ નવકાર, રતનમાંહિ સુરમણિ રે, કે ૦ રતન ૦
સાગરમાંહિ સ્વયંભૂ-રમણ શિરોમણિ રે, કે ૦ રમણ ૦
શુક્લધ્યાન જિનધ્યાનમાં, અતિ નિરમળપણે રે, કે ૦ અતિ ૦
**શ્રી નયવિજય**-વિબુધ પય-સેવક ઇમ ભણે રે. કે ૦ સેવક ૦ (૩)

૧. ઇંદ્ર ૨. શ્રેષ્ઠ ૩. મેરૂપર્વત ૪. લડવૈયો·૫. કામદેવ ૬. શ્વેતકમળ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(ઢાળ ફાગની)

ચઉ કષાય પાતાલ-કલશ[૧] જિહાં, તિસના[૨] પવન પ્રચંડ,
બહુ વિકલ્પ[૩]-કલ્લોલ[૪] ચઢતું હે, અરતિ-ફેન ઉદ્દંડ[૫]
ભવસાયર[૬] ભીષણ તારીઈ હો, અહો મેરે લલના પાસજી,
ત્રિભુવન-નાથ ! દિલમેં, એ વિનતી ધારીયે હો-ભવ૦(૧)
જરત[૭] ઉદામ[૮] કામ-વડવાનળ, પરત[૯] શીલગિરિશૃંગ,[૧૦]
ફિરત વ્યસન[૧૧] બહુ મઘેર[૧૨]-તિમિગિલ [૧૩],
કરતહે નિમંગ[૧૪] - ઉમંગ[૧૫]-ભવ૦(૨)
ભમરીયાંકે[૧૬] બીચિં ભયંકર, ઉલટી[૧૭]-ગુલટી વાચ[૧૮],
કરત પ્રમાદ પિશાચન-સહિત જિહાં,અવિરતિ-વ્યંતરી નાચ-ભવ૦(૩)
ગરજત અરતિ, ફુરતિ[૧૯] રતિ બિજુરી, [૨૦] હોત બહુત તોફાન,
લાગત ચોર કુગુરુ મલબારી,[૨૧] ધરમ-જિહાજ નિદાન-ભવ૦(૪)
જુરેં[૨૨] પાટિયેં જિઉં અતિ-જોરિ,[૨૩] સહસ અઢાર શીલંગ,
ધર્મજિહાજ [૨૪]તિઉ સજ્જ કરિ ચલવો,જશ કહે શિવપુરી ચંગ-ભવ૦(૫)

---

૧. લવણસમુદ્રમાં પાણીની ભરતી ચઢાવનારા મોટા પાતાળ કળશા ૨. તૃષ્ણારૂપ ૩. માનસિક અસ્થિરતા ૪. મોજાં ૫. ઉત્કટ ૬. સંસારસમુદ્ર ૭. સળગી રહેલ છે ૮. ઉત્કટ ૯. પડી રહેલ ૧૦ શીલ=શિયળરૂપ પર્વતના શિખરો ૧૧. દુ:ખરૂપ ૧૨. મગર ૧૩. મોટા મચ્છ ૧૪. પાણીમાં ડૂબકી મારવી ૧૫. પાણીમાંથી બહાર આવવું ૧૬. આફતોની અંદર ૧૭. અવળી-સવળી ૧૮. વાણી ૧૯. ચમકી રહી છે. ૨૦ વીજળી ૨૧. અસવાર દેશનું મજબૂત ૨૨. જોડેલ ૨૩. અત્યંત મજબૂત ૨૪. તૈયાર

નયરી વાણારસી અવતર્યો હો ! અશ્વસેન કુળચંદ,
વામા-નંદન ગુણનીલો-હો, પાસજી શિવ-તરૂ કંદ
પરમેસર ! ગુણ નિતુ ગાઈયેં હો. (૧)

ફણી[૧] લંછન નવ કર તનુ જિનજી, (સ-જલ-ઘનાઘન[૨])-વન્ન,
સંયમ લિયેં શત તીનશ્યું હો, સવિ કહે જયું ધન ધન્ન
પરમેસર. (૨)

વરષ એક શત આઉખું હો સિદ્ધિ સમેતગિરીશ,
સોળ સહસ મુનિ પ્રભુ તણા હો, સાહૂણી સહસ અડતીશ
પરમેસર (૩)

ધરણરાજ પદમાવતી હો, પ્રભુ-શાસન-રખવાળ,
રોગ-શોગ-સંકટ ટળે હો, નામ જપત જપમાળ-પરમે૦ (૪)

પાસ ! આશ પૂરણ અબ મેરી, અરજ એક અવધાર,
**શ્રીનયવિજય** વિબુધ પદ સેવી, જશ કહે ભવજલ તાર
-પરમે૦ (૫)

૧. નાગ ૨. પાણીવાળા = અષાઢી વાદળાની સઘન ઘટાના વર્ણ જેવી કાંતિવાળા

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (ધન ધન ધનની દ્વેષી--એ દેશી)

વામાનંદ શ્રી પાસ, મ્હારી સાંભળો તુમે અરદાસ[૧] -સાહિબ સસનેહા.
અમે સેવક તુમારા, તુમ્હે છો સાહિબજી હમારા હો -સાહિબ૦(૧)
સુંદર પ્રભુ તુમ રૂપ, જસ દીઠે હાર્યો રતિ[૨] ભૂપ હો-સાહિબ૦
પ્રભુ મુખ વિધુ[૩] સમ દીસે,દેખી ભવિયણનાં મન હીસે[૪] હો-સાહિબ૦(૨)
કમળ-દળ[૫] સમ તુમ નયણાં, અમૃતથી મીઠાં વયણાં હો;-સાહિબ ૦
તુમ અર્દ્ધ-ચક્ર સમ ભાલ[૬], માનું અધર[૭] જિસ્યા પરવાળ હો - સાહિબ૦(૩)
શાંતિ[૮]-દાંતિ[૯] ગુણ ભરિયો, એ તો અ-ગણિત-ગુણનો દરિયો હો સાહિબ૦
સાચો શિવપુર સાથ, પ્રભુ તું છે અ-નાથનો નાથ હો-સાહિબ ૦(૪)
એ તો ભજન કરવા તાહરું, પ્રભુ ઉલસ્યું છે મન માહરૂં હો-સાહિબ ૦
એ તો પ્રેમવિબુધનો શીશ, ભાણવિજય નમે નિસ-દીશ હો-સાહિબ ૦(૫)

૧. વિનતિ ૨. કામદેવ ૩. ચંદ્ર ૪. ઉલ્લસે છે. ૫ કમળની પાંખડી ૬. કપાળ ૭. ઓઠ ૮. સમતા ૯. નિર્વિકારિતા.

## કર્તા : આણંદવર્ધનજી મ.

### (રાગ-કાફી પ્રભુ ? નરગ પડંતાં રાખીયે-એ દેશી)

મેરે જીયમેં લાગી આસકી[૧], હું તો પલક ન છોડું પાસ રે
જયું જાનો ત્યું રાખીયે, તેરે ચરનકા હું દાસ રે-મેરે૦(૧)
કયું કહો કોઈ લોક[૨] દિવાને, મેરે દિલ એક-તાર રે
મેરી અંતર-ગતિ તું હી જાનત, ઓર ન જાનનહાર રે-મેરે૦(૨)
મેહેર તુમારી ચાહીએ, મેરે તુમ્હી[૩] સાથ સનેહ રે,
આનંદકો પ્રભુ પાસ મનોહર, અરજ અમ્હારી એહ રે-મેરે૦(૩)

૧. તૃષ્ણા પ્રેમ-રાગ ૨. આગળ ૩. તમારી

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(ચિત્રોડા રાજાને-એ દેશી)

**વામારાણી**-જાયા[1] રે, સુર-નર-મુનિ ભાયા[2] રે;
મુજ મન આયા, હુઆં શુભ-વધામણાં રે૦...(૧)
આરતિ[3] સવિ ભાંગી રે, તુમશ્યું લય લાગી રે;
રૂચિ જાગી ધન પૂરાં આવ્યાં આપણાં રે૦...(૨)
તુજ સંગે સોભાગી રે, બહુ શર્મ[4] વિભાગી રે;
પશુ[5]-ભોગ થયો ધરણીંદરો રે૦...(૩)
આશાતનાકારી રે, દોષી મહા ભારી રે;
દ્વેષને ધારી અસુર કમઠો તર્યો રે૦...(૪)
**શ્રી પાર્શ્વજિણંદા** રે, મુખ પુનિમ ચંદા રે;
પરમાનંદકારી એ પ્રભુ જાણીયે રે૦...(૫)
તુજ નામ સંભારી રે, નિજ ગુણ વિચારી રે,
**કીર્ત્તિ** તાહરી જગ વખાણીયે રે૦...(૬)
તું હી તું હી હમારો રે, હું[6] ભેદ નિવારો રે;
ઈમ કહે **લક્ષ્મી**-વાચક પ્રમાણીયે રે૦...(૭)

૧. પુત્ર ૨. ગમ્યા ૩. પીડા ૪. સુખ ૫. પશુપણાને ભોગવતો ૬. મારો ભેદ = આંતરું.

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (દેહું દેહું નણંદ હઠીલી-એ દેશી)

શ્રીપાસજી પ્રગટ-પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે
મનમોહનાં જિનરાયા, સુર-નર-કિન્નર ગુણ ગાયા રે-મન.
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદ નીઠી[1] રે-મન૦. (૧)
મટકાળું મુખ સુ-પ્રસન્ન, દેખત રીઝે ભવિ-મન્ન રે-મન૦
સમતા-રસકેરાં કચોળાં[2], નયણાં દીઠે રંગ[3]-રોળાં રે-મન૦ (૨)
હાથે ન ધરે હથિયાર, નહિ જપ-માળાનો પ્રચાર રે-મન૦
ઉત્સંગે ન ધરે વામા[4], જેહથી ઉપજે સવિ કામા રે-મન૦ (૩)
ન કરે ગીત-નૃત્યના ચાળા, એ તો પરતક્ષ નટના ખ્યાલા રે-મન૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ[5] - સાજાં રે-મન૦ (૪)
ઇમ મૂરતિ તુજ નિરૂપાધિ, વીતરાગ-પણે કરી સાધી રે-મન૦
કહે માનવિજય ઉવઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે—મન૦ (૫)

---

૧. નાઠી = ભાગી ૨. કટોરા ૩. આનંદોત્સવ ૪. સ્ત્રી ૫. જૂના કે નવા

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

(ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણિ રે કે - એ દેશી)

પુરિસાદાણી પાસ કે આશ સફળ કરો રે કે - આશ ૦
દાસતણી અરદાસ[૧] સદા દિલમેં ધરો રે - સદા ૦
બપઈઓ[૨] જિમ જલધર[૩] વિણુ જાચે નહિ રે કે - વિણુ ૦
તિમ તુમ વિણ હું ઓર ન જાચું એ સહીરે કે - જાચું ૦ (૧)
તુમ ઉપર એક[૪] - તારિ કરીને હું રહ્યો રે કે - કરી ૦
સાહિબ ! તું મુજ એક, મેં અવર ન સંગ્રહ્યો રે કે - અવર ૦
સેવાની પણ ચૂક કદા પડતી નથી રે કે - કદા ૦
રિદ્ધિ અનંત ખજાને, ખોટ પણ કો નથી રે કે -ખોટ૦(૨)
ભવિતવ્યતા પણ ભવ્ય અછે પ્રભુ ! માહરી રે કે - અછે ૦
તે જાણું નિરધાર કૃપા લહી તાહરી રે કે - કૃપા ૦
ભવથિતિનો પરિપાક વિલંબ વિચે કરે રે કે - વિલંબ ૦
સંઘયણાદિક દોષ તણો અંતર ધરે રે કે -તણો૦(૩)
પણ તે ભાવે કામ એ વાતની વાત છે રે કે - વાત ૦
સેવક કિમ હોયેં દૂર જે ખાના જાતિ છે રે કે - ખાના ૦
ભોળવિયા નવિ જાય કે જે તુમ્હે શીખવ્યા રે કે - જે ૦
પહિલા હેજ[૫] દેખાડી જેહને હેળવ્યા રે કે -જેહને૦(૪)
તે અલગા કિમ જાય ? નજરો ધરો નેહની રે કે - નજર ૦
વંછિત આપી આશ સફળ કરો તેહની રે કે - સફળ ૦
**જ્ઞાનવિમલ** પ્રભુ ચરણ-સેવા નિતુ દીજીયેં રે કે - સેવા ૦
સહજે ઉદય બહુમાન અધિક હવે કીજીયેં રે -અધિક૦(૫)

૧. વિનંતિ ૨. ચાતક ૩. મેઘ ૪. એકતાર = ગાઢ ૫. અંતરનો પ્રેમ

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

**(રાગ ધનાશ્રી-હીર ગુરૂ ! તુમ તોયા ભલિ કીની-એ દેશી)**

**પાસજિન** ! સેવક જન આધારે, ત્રેવીસમો પ્રભુ પુરૂષાદાણી,
ભવ - સાયર ઉતારે - પાસ (૧)

**અશ્વસેન** નૃપ **વામાદેવી**, કુંવર[૧] કુલ સિનગારે.
વંશઇક્ષ્વાગ-ઉદય ગિરિ[૨]-દિનકર[૩],
અવગુણ - તિમિર[૪] નિકારેં[૫] - પાસ૦ (૨)

નીલ વરન નવ કર ઉન્નત તનુ, ફણિધર લંછન ધારે
એકસો વરસ સુ-જીવિત પાલી,
મુગતિ - નયરી પાઉં ધારે - પાસ ૦ (૩)

**બનારસનયરીએ** જનમ્યો, જનમ-મરણભય વારે
**પાસ** યક્ષ **પદ્માવતી** દેવી, જેહની સેવા સારે - પાસ ૦
કમઠદર્પ-દાવાનળ-જલધર, મંગલવેલી વધારે,
સેવક **ભાવ**-મયૂર ભની પ્રભુ, નેકનજર અબ ધારે - પાસ ૦ (૪)

---

૧. કુળના શણગારસમા ૨. ઉદયાચલ પર્વત ૩. સૂર્ય ૪. અંધારું ૫. દૂર કરે

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (સુણો મેરી સજની ! રજની ન જાવે રે - એ દેશી)

**પાસ**-જિણેસર ! પૂજો બહેની રે, જગમાં કીરતિ સબળી જેહની રે
કેસર-ચંદન અગર-કપૂર રે, પૂજંતાં સવિ આશા-પૂર રે-પાસ૦(૧)
ત્રેવીશમો સવિ કષ્ટ નિવારે રે; સંકટથી સેવકને તારે રે
નામ જિણંદ તણું મન ધારે રે, તે પોતાની મા'મ વધારે રે-પાસ૦(૨)
સબળ સોભાગી ગુણ-ભંડાર રે, **વામાનંદન** જગ આધાર રે
મુગતિપંથ દેખાડણ હાર રે, મુગતિ-રમણિ કંઠે વર-હાર રે-પાસ૦(૩)
સુર-નર નાયક સેવેં પાય રે, ભાવ-સહિત પ્રભુના ગુણ ગાય રે
**વિનય** કરી સેવક મન ધ્યાય રે, માગે સમકિત ચરણ-પસાય, રે -પાસ૦(૪)

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (પૂજું રે પૂજું પાસ ચિંતામણિ એ-દેશી.)

આશા પૂરે સદા **પાસ** પરમેસરુ, દાસ પરિ[1] જાસ સુર સેવ સારેં[2]
ભીમ[3] ભવસાગરૂ ઘોર ભય[4] આગરૂ, વાહણ પરે લોકના થોક[5] તારે
- આશ ૦ (૧)
માત **વામાસતી**, પુત્ર હુલરાવતી; નવ નવાં હાલરે ગીત ગાવે
રૂપ અદ્‌ભુત નિજ પુત્રનું દેખતાં, આનંદ[6]-ઉલટ- અંગ આવે
- આશ ૦ (૨)
**પાસ** સુર દેવી **પદ્માવતી** ગુણવતી, ભગતજન વાંછિત સર્વે આપે
**કીર્ત્તિવિજય** ઉવઝાયનો સેવક, **વિનય** નિજ ચિત્ત પ્રભુ પાસ થાપેં
- આશ ૦ (૩)

---

૧. ની જેમ ૨. કરે ૩. ભયંકર ૪. ભયની ખાણ ૫. સમૂહ ૬. ઉમંગ

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ સોરઠ)

**વામાજીકે** નંદ, અરજ સુનો - વામા૦
**અશ્વસેનકે** લાડલે હો, **શ્રીજી પાસ** જિણંદ-અરજ૦(૧)
જનમ પુરી **બનારસી** હો, લંછન ચરન ફનિંદ
સો વરસકો આઉખો હો, કુલ ઈખ્ખાગ નરિંદ-અરજ૦(૨)
નીલબરન નવ હાથકો હો, દીપત દેહ દિનંદ
એક ધ્યાન પ્રભુકો જપું હો, મનધરી અધિક આનંદ-અરજ૦(૩)
મેં સેવક હું તિહારો હો, તું સાહિબ ! સુખકંદ
દીજે સેવા ચરનકી હો, ચાહે નિત **હરખચંદ**-અરજ૦(૪)

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(આ અજુવાળી રાતડી રે - એ દેશી)

પ્રબળ-પ્રભાવે પરગડો[1] રે, પુરિસાદાણી પાસ - ભવિઅણ ! વંદો
કામગવી[2] સુરમણિ[3] પરે રે, પૂરે વંછિત આશ-ભવિ૦
વંદો વંદો રે સુજાણ, ભવિઅણ ! વંદો.
વંદો વંદો શ્રી જિનપાસ, ભવિઅણ ! વંદો.-ભવિ૦(૧)
નીલકમલ-દળ[4] પરિ ભલો રે, દીપે તનુ-પરકાશ-ભવિ૦
હરખે નયણે નિરખતાં રે, ઊપજે અધિક ઉલ્લાસ-ભવિ૦
તેજ જળામળ ઝળહળે રે, જાણે ઊગ્યો સૂર-ભવિ૦(૩)
રત્નજડિત વિરાજતા રે, કુંડળ સોહે સનૂર-ભવિ૦

માનું દોયે સેવા કરે રે, શશિ-રવિ આયી હજૂર -ભવિ૦
મણિમય મુકુટ મનોહરૂ રે, સોહે શિર ધર્યો સાર -ભવિ૦
માનું તારા પરવર્યો રે, ચંદ એ સેવાગાર[૫]-ભવિ૦(૫)
સુંદર શિવ-રમણી વર્યો રે, પરવર્યો જ્ઞાન અનંત -ભવિ૦
ચિદાનંદ ચિનમૂરતિ રે, અ-કલંકી અરિહંત -ભવિ૦(૬)
કામિત[૬]- કામિત પૂરણો રે, પાપતિમિર[૭]-ભર ભાણુ-ભવિ૦
નયવિજય પ્રભુ દરિશણે રે, નિતુનિતુ કોડિ કલ્યાણ -ભવિ૦(૭)

---

૧. પ્રકટ સાક્ષાત્ ૨. કામધેનુ ૩. ચિંતામણિ ૪. પાંદડાં ૫. સેવા કરનાર ૬. ઇચ્છેલ સઘળી ઇચ્છાઓને પૂરનાર ૭. પાપરૂપ અંધકારના સમૂહ માટે સૂર્યસમાન

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

તારક જિન તેવીસમા પ્રભુ મારા ! તો સું અનંત સુખ પાઉંજી
અવલંબ્યો મન આપસું, પ્રભુ મારા ! કહી કહી કાંઈ બતલાવું જી
તારણ-તરણ, દુઃખ હરણ આસપાસજી,
પ્રભુ મારા ! આતમના આધારજી (૧)
એક દેવ તું માહરે, પ્રભુ મારા ! ચિત્ત મૈ અવર ન ચાહુંજી
અબ હું તુમારો કહાયનૈ, પ્રભુ મારા ! કૌણ તણો કહવાઉંજી
સકલ સંકટ ભાજૈ, છવિ તો અનેક છાજૈ પાસજી.પ્રભુ૦(૨)

અવર[1] દેવ[2] - ધરિ ધરિ ફિરિ, પ્રભુ મારા ! તુજનૈ કેમ લજાઉંજી
યો સીસ નમાવી થાં પ્રતૈ, પ્રભુ મારા ! અવર ન કેમ નમાવું જી
સરણાસરણ કાંઈ, કરુણાકરણ પ્રભુ પાસજી !
પ્રભુ મારા ! સરણાઈ સાધારજી,
પ્રભુ મારા ! આતમના આધારજી પ્રભુ૦આતમ૦(૩)
કુમકુમૈ[3] મજ્જન કરી, પ્રભુ મારા ! કાદવ ક્યું મુખિ લાવુંજી
ઉતારી કરી ગજ-ખંધથી, પ્રભુ મારા ! વેસર[4] ચઢિ ક્યું ધાવુંજી, આતમ૦
તારણ તરણ દુઃખ દલિદ હરણ અસ પાસજી, પ્રભુ મારા ! આતમ૦(૪)
તિણસૂં સોભાની હાંનિ હેં, પ્રભુ મારા ! સ્યાને જગત હસાઉંજી,
કામગવીનૈ[5] છોડિનૈ, પ્રભુ મારા ! ઘરમૈ અજા[6]લૈ વાસાઉજી
તારણ તરણ પ્રભુ આતમના આધારજી (૫)
વખત સંયોગૈ તું મિલ્યો, પ્રભુ મારા ! ભાવ ભગતિ મનિ ભાવુંજી
**ઋષભસાગર** કહેં ઋદ્ધિ મિલૈ, પ્રભુ મારા ! ગુણ તો
અહનિસિ ગાવુંજી તારણ૦ (૬)

---

૧. બીજા ૨. દેવોના ઘરે ૩. કેશરથી ૪. ખચ્ચર ૫. કામધેનુ=ગાય ૬. બકરીને

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

ચાલ ચાલ રે કુંઅર ! ચાલ તાહરી, ચાલ ગમે રે
તુજ દીઠડા વિના મીઠડા માહરા, પ્રાણ ભમે રે -ચાલ૦(૧)
ખોળામાંહિ પડતું મેહલે, રીસે દમે રે
માવડી વિના આવડું ખુંધું; કુણ ખમે રે ?-ચાલ૦(૨)
માતા **વામા** કહે મુખડું જોતાં, દુખડાં શમે રે
લળીલળી **ઉદયરત્ન** પ્રભુ ! તુજને નમે રે-ચાલ૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(માહરી સહીરે સમાણી-એ દેશી)**

વામાનંદન **પાસ**જિણંદા, મુજ મન-કમળ દિણંદા[૧] રે,
શમ-સુરતરૂકંદા (૧)
ભીમ[૨]-ભવોદધિ તરણ[૩] તરંડા, જેર[૪] કર્યા ત્રિક[૫]- દંડા રે,
નહીં વ્રીડા[૬]- ક્રીડા (૨)
ક્રોધ માન માયા ને લોભા, કરી ઘાત થયા થીર થોભા રે,
લહી જગમાંહિ શોભા (૩)
નિજ ગુણ-ભોગી કર્મ્મવિયોગી આતમ અનુભવ યોગી રે,
નહીં પુદ્ગલ-રોગી (૪)
મન વચનનું ત્રિક યોગને રૂંધી, સિદ્ધ-વિલાસને સાધી રે,
ટાળી સકળ ઉપાધિ (૫)

યથાખ્યાત ચારિત્ર ગુણ લીણો, કેવળ-સપંદ પીનો રે,
યોગીશ નગીનો (૬)
સિદ્ધવધૂ અરિહંત નિરંજન, પરમેશર ગતલંછન રે,
સાહિબ સહુ સજ્જન (૭)
પંડિત ગુરૂ શ્રી **ક્ષમાવિજયનો**, **જિન** પદ-પંકજ લીનો રે,
છોડી મન કીનો (૮)

---

૧. સૂર્ય ૨. ભયંકર ભવસમુદ્ર ૩. તરવા માટે નાવ સમાન ૪. દૂર કર્યા
૫. મન-વચન કાયાના કુ-વ્યાપારો ૬. લજ્જા

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (થોડી આઈ થારા દેશમાં મારૂજી - એ દેશી)

પરમ-પુરુષ પરમાતમા સાહિબજી, પુરીસાદાણી પાસ હો,
શિવસુખરા ભમર ! થાંસે વિનતી સાહિબજી,
અવસર પામી ઓળગું[૧], સા૦ સફળ કરો અરદાસહી[૨]-શિ૦
દોય નંદન મોહભૂપરા, સા૦ તિણે કરયો જગધંધાળ[૩] હો,
દ્વેષ કરિ[૪] રાગ કેહરી[૫], સા૦ તેહના રાણા સોળ હો - શિ૦
મિથ્યા મુહેતો[૬] આગળો, સા૦ કામ કટક[૭] સિરદાર હો - શિ૦
ત્રણ રૂપધરી તેહ રમે, સા૦ હાસ્યાદિક પરિવાર હો - શિ૦
મોહમહીપરા જોરથી, સા૦ જગ સઘળો થયો જેર હો[૮] - શિ૦
હરિહર સુર નર સહુ નમ્યા, સા૦ જકડી કર્મની ઘેર હો - શિ૦
ભવથિતિ ચઉગતિ ચોકમાં, સા૦ લોક કરે પોકાર હો - શિ૦
આપ ઉદાસી થઈ રહ્યા, સા૦ ઈમ કીમ રહશ્યે કાર હો - શિ૦
ક્ષયકશ્રેણીરી ગજઘટા, સા૦ હલકારો[૯] અરિહંત હો - શિ૦

નાણખડગ મુજ કર દિયો, સા૦ ક્ષણમાં કરૂ અરી[10] હંત[11] હો -
કરૂણા નયણ કટાક્ષથી, સા૦ રિપુદળ હોએ વિસરાળ[12] હો -
**ક્ષમાવિજય-જિન** સંપદા, સા૦ પ્રગટેં ઝાકઝમાળ હો - શિ ૦

૧. સેવા કરું ૨. વિનતિ ૩. તોફાન ૪. હાથી ૫. કેશરી=સિંહ ૬. મહેતો=મુખ્ય કારભારી ૭. સૈન્ય = લશ્કર ૮. વિખેરી નાંખ્યું ૯. બધું - જવાબદારી ઉપાડનાર ૧૦. દુશ્મન ૧૧. મારી નાંખુ ૧૨. વિખેરાઈ જાય

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (દાસી હો ! દાસી રામ ! તુમારી - એ દેશી)

સુણો **પાસ**-જિણેસર ! સામી, અલવેસર[1] અંતરજામી
હું તો અરજ કરૂં શિરનામી, પ્રભુ સાથે અવસર પામી
સ્વામી ! તારો ! તારો ! પ્રભુજી૦(૧)
મુજને ભવસાગર તારો, ચિહુંગતિના ફેરા વારો
કરુણા કરી પાર ઉતારો, એ વિનતિ મનમાં ધારો હો - સ્વામી૦(૨)
સંસારે સાર ન કાંઈ, સાચો એક તું હી સખાઈ
તે માટે કરી થિરતાઈ, મેં તુજ ચરણે લય લાઈ હો -સ્વામી૦(૩)
તારક તું જગતપ્રસિદ્ધો, પહેલે પણ તેં જસ લીધો
સેવકને શિવ-સુખ દીધો, એક મુજશું અંતર[2] કીધો હો - સ્વામી ૦(૪)
ઈમ અંતર તે ન કરેવો, સેવકને શિવસુખ દેવો
અવગુણ પણ ગુણ કરી લેવો, હેત[3] આણી બાંહે ગ્રહેવો હો ! સ્વામી ૦ (૫)
સેવક ચૂકે[4] કોઈ ટાણે, પણ સાહેબ મનમાં નાણે
નિજઅંગીકૃત પરમાણે, પોતાનો કરીને જાણે હો ! -સ્વામી૦(૬)

તું ત્રિભોવનનાથ કહેવાયે, ઇમ જાણીને જિનરાય
દ્યો ! ચરણ-સેવા સુપસાય, જિમ **હંસરતન** સુખ થાય હો ! -સ્વામી૦(૭)

૧. અદ્ભુત સામર્થ્યવાળા ૨. ભેદભાવ ૩. અંતરનો પ્રેમ ૪. ભૂલે

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (કાનુડો વેણ વજાવે રે કાલીનદીને કાંઠે - એ દેશી)

**વામાનંદ** હો ! પ્રાણથકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણથકી પિણ ન્યારા;
પુરસાદાણી શામળ-વરણો, શુદ્ધ સમકિતને ભાસે,
શુદ્ધ[1] પુંજ જિણે કીધો તેહને, ઉજ્વળ વરણ પ્રકાશે - વામા ૦ (૧)
તુમ ચરણે વિષધર[2] પિણ નિરવિષ,[3] દંશણે[4] થાએબિડોજી[5],
જોતા અમ શુદ્ધ સ્વભાવ કાં ન હુવે, એહ અમે ગ્રહ્યા છો - વામા ૦ (૨)
**કમઠરાય** મદ કિણ ગિણતિમાં , મોહ તણો મદ જોતો,
તાહરી શક્તિ અનંતી આગળ, કેઈ કેઈ મર ગયા ગોતાં -વામા ૦ (૩)
તેં જિમ તાર્યા તિમ કુણ તારે ? કુણ તારક ? કહું એહવો,
સાયરમાન[6] તે સાયર સરીખો, તિમ તું પિણ તું જેહવો - વામા ૦ (૪)
કિમપિ ન બેસો કરૂણાકર તે, પિણ મુજ પ્રાપ્તિ અનંતી,
જેમ પડે કણ કુંજર-મુખથી, કીડી બહુ ધનવંતી - વામા ૦ (૫)
એક આવે એક મોજાં પાવે, એક કરે ઓળગડી,
નિજ-ગુણ-અનુભવ દેવા આગળ, પડખે નહીં તું બે ઘડી - વામા ૦ (૬)
જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજ્યો,
**મોહનવિજય** કહે કવિ **રૂપનો**, પરતક્ષ કરૂણા કરજ્યો - વામા ૦ (૭)

૧. દર્શન મોહનીયના ત્રણ પુંજમાંથી શદ્ધ પુંજની અહીં વાત જણાય છે. ૨. સાપ ૩. ઝેર વિનાનો = શાંત ૪. દર્શનથી ૫. ઇંદ્ર ૬. સાગરનું માપ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(ગાયો રે સિદ્ધાચલમંડણ ધણી રે - એ દેશી)

**પ્રભુજી પાસજિણંદ !** ત્હારી રે ત્હારી રે, મુદ્રા અભિનવ[1] મોહિની[2] રે
એહવી દુનિયામાંહિ, બીજી રે, બીજી રે, દીઠી મેં નહિ કોઈની રે૦(૧)
કામણગારી[3] તુજ, કીકી[4] રે કીકી રે, નીકી[5] પરિ હિયડે વસી રે
નેણાં લંપટ મુજ, ચાહેરે ચાહેરે,જેવા ખિણખિણ ઉલ્લસીરે ૦ (૨)
તુજ દીઠે સુખ હોય, તે કુણરે કુણરે,જાણે કહો વિણ કેવળી રે
એહ જ મુજ અરદાસ, ચરણે રે ચરણે રે,રાખો શું કહિયેં વળી રે ૦ (૩)
શરણે રાખી નાગ, તેનેરે તેનેરે, કીધો, નાગતણો[6] ધણી રે
કમઠતણા અપરાધ, બહુલા રે, તું રૂઠ્યો નહિ તે[7] ભણી રે ૦ (૪)
દેઈ વરસીદાન, જગનારે જગનારે, જન સઘળા સુખિયા કર્યા રે
એહવા બહુ અવદાત, તાહરો રે તાહરો રે, ત્રિભોવનમાંહિ વિસ્તર્યા રે ૦ (૫)
તો મુજને પરવાહ, શાની શાની રે, જે પોતે બ્રાંહિગ્રહ્યો રે
તુજ ભગતિ લયલીન, એહજ રે એહજ રે, શિવમારગ મેં સદ્દહ્યો રે ૦ (૬)
ધનધન **વામા** માત, જેહની રે જેહની રે, કૂખે તું પ્રભુ અવતર્યો રે
**વિમલવિજય** ઉવઝાય, શિષ્યે રે શિષ્યે રે, **રામે** જનમ સફળ કર્યો રે ૦ (૭)

---

૧. સુંદર ૨. આકર્ષક ૩. સુંદર ૪. આંખની ૫. મોદક ૬. ધરણેન્દ્ર ૭. તેના ઉપર

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (પાટણના ગીતની દેશી છે.)

સેવો ભવિજન જિન ત્રેવીશમો, લંછન નાગ[1] વિખ્યાત.
જલધર[2] સુંદર પ્રભુજીની દેહડી, વામા રાણીનો જાત[3] - સેવો ૦ (૧)

ચઉદિશે ઘોર ઘટા ઘનશું મળ્યો, કમઠેં રચ્યો જલધાર
મૂશલધારે જલ વરસે ઘણું, જલ-થલનો ન લહું પાર - સેવો ૦ (૨)

વડ હેઠલ વ્હાલો કાઉસગ રહ્યો, મેરુ તણી પેરે ધીર,
ધ્યાન તણી ધારા વાધે તિહાં, ચડિયાં ઊંચાં જી નીર - સેવો ૦ (૩)
અચળ ન ચળિયો પ્રભુજી માહરો, પામ્યો કેવળનાણ,
સમોવસરણ સુર કોડ મળ્યા તિહાં, વાજ્યાં જીત નિશાન - સેવો (૪)

નવ કર[4] ઉંચપણે પ્રભુ શોભતા, અશ્વસેન રાયનો નંદ.
પ્રગટ પરચા પૂરણ **પાસજી**, દીઠે હોવે પરમાણંદ - સેવો ૦ (૫)
એક શત વરસનું આઉખું ભોગવી, પામ્યા અવિચળ સિદ્ધ,
બુધ **સુમતિવિજય** ગુરુ નામથી, **રામ** લહે વર સિદ્ધ - સેવે ૦ (૬)

---

૧. સર્પ ૨. મેઘ ૩. પુત્ર ૪. હાથ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(કાંઈ પાજ્યો પાજ્યો રે ગુસાઈ માને તુંબીનો રામ રસ પાજ્યો - એ દેશી)

કાંઈ જોજ્યો ! કાંઈ જોજ્યો રે, **સ્વામી** મુને નેહભર જોજ્યો
મુજરો લ્યો કે **પાસ**-જિણંદા, ટાળીજે ભવફેરો રે-સ્વામી૦(૧)
મોહન મોહરસે લલચાણો, જયું મૃગ રાગશ્યું[1] ઘેર્યો રે-સ્વામી૦(૨)
સાચી સેવા રેવારંગી[2], આયો જયું ગજ નેડો[3] રે-સ્વામી૦(૩)
મેં મન દીધો હાથ તિહાં રે, યે નહિ દિલ પ્રભુ કેરો રે-સ્વામી૦(૪)
જીવન સૂરતી દેખી રસીલી, મન હરષિત હોઈ મેરો રે-સ્વામી૦(૫)
આઠે કરમકી ગાંઠ છિનકમેં, ચુંપે[4] ચતુર ઉદવેરો રે-સ્વામી૦(૬)
**પ્રેમ** વિબુધનો **કાંતિ** કહે હું, ભવ ભવ સેવક તેરો રે-સ્વામી૦(૭)

૧. કસ્તુરીના રાગથી ૨. રેવા નદીનો ઉત્કટ પ્રેમ ૩. પાસે ૪. કાપે

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(કાનુડા માર માં કાંકરડી, મીઠડા ફૂટશ્યે ગાગરડી - એ દેશી)

ચિંતામણી પાસજી ગમે રે, પાસજી ગમે રે - (૩) વાહલો ધ્યાનમાં રમે રે;
પ્રહ ઊઠી પ્રભુ મુખડું દીઠેં, દુખડું શમે રે - ચિંતા ૦ (૧)
ચિંતામણી પર કામિત પૂરે, દુઃખ ઝમે રે - ચિંતા ૦ (૨)
ત્રિભુવન-નાયક સુરપતિ પાયક, કામ દમે રે - ચિંતા ૦ (૩)
પામી અમૃત - ભોજન કુકસ, કોણ જમે રે ? - ચિંતા ૦ (૪)
સાહિબ સમરથ સમકિત પામી કોણ વમે રે - ચિંતા ૦ (૫)
મિથ્યા મૂકી મુજ મન રાચે, શુદ્ધ ઘરમેં રે - ચિંતા ૦ (૬)
અધિકું ઓછું સેવક ભાખે, સ્વામી ખમે રે - ચિંતા ૦ (૭)
**ન્યાયસાગર** પ્રભુ અહનિશ ચરણે-શીશ નમે રે - ચિંતા ૦ (૮)

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(દેશી - માધવીયાની)

મનનો માનીતો મિત્તો જો મિળે, હાંરે સાહિબ જો મિળે, તો કહું મનની વાત જો.

દુખભંજન જિન આગળેજી, સુખિણી સાતે ધાતજો ૦ (૧)

મનમોહન મુજ વાહલોજી, સ્વામી **શ્રીપાસજિણંદ** જો

હોજીહો જસ સાનિધેજી, તુરત થયો **ધરણેંદ** જો - મન ૦

મન મિળિયાંશું વાતડીજી, તે અમૃતથી પણ મીઠ જો

જેહથી તન મન બાંધિઉંજી, તસ દરિશન સહુથી ઉક્કિઠ જો - મન ૦

લંછન મિસી કરે વિનતિજી, ફણધરી રહીઓ નાગજો

વિષધરપણું દૂરેં કરોજી, માહરું પ્રભુ વડભાગ જો - મન ૦

**શ્રી અશ્વસેન** સુત સુંદરૂજી, **વામા** માત મલ્હાર જો

નીલવરણ ચરણે રહુંજી, સેવક કરીશ સંભાર જો - મન ૦

ભવી મનવંછિત પૂરવાજી, કળિ કલ્પદ્રુમ સમાન જો,

**ન્યાયસાગર** કહે માહરે જી, પ્રભુધ્યાને વધતો વાનજો - મન ૦

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(રાગ ધમાલ)

**પાસ** પ્રભુ તેવીશમા રે, સહસ ત્યાશીસય સાત-લલના
પચાશ ઉપર વરસનું રે, આંતરું અતિહિ વિખ્યાત
સુખકારક સાહબ સેવીયેં હો૦
અહો ! મેરે ! લલનાં રે ! સેવતાં શિવસુખ થાય -સુ૦(૧)

ચૈત્ર વદી ચોથે ચવ્યા રે, કરવા ભવિ ઉપગાર - લલના
પોષ વદી દશમ અગિયારસે રે, જનમ ને થયા અણગાર - સુ ૦ (૨)

નવ કર જેહની દેહડી રે, નીલ વરણ તનુ કાંતિ-લલના
ચૈત્ર વદી ચોથે લહ્યા રે, ક્ષાયિક જ્ઞાન નિભ્રાંતિ - સુ ૦ (૩)

શ્રાવણ સુદી આઠમ દિને રે, પામ્યા ભવનો પાર - લલનાં
આઉખું સો વરસાંતણું રે, **અશ્વસેન** - સુત સાર - સુ ૦ (૪)

આદેય-નામ તણો ધણી રે, મહિમાવંત મહંત - લલના
**પદ્મવિજય** પુણ્યે કરી રે, પામ્યો એહ ભગવંત - લલના - સુ ૦ (૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(આઘા આમ પધારો ! પૂજ્ય ! અમ ઘર વોહોરણ વ્હેલા એ - દેશી)

પરવાદી ઉલૂકો[1] પરિ હરિ[2] સમ, હરિ[3] સેવે જસ પાયા
હરિતવાને[4] પ્રભુની ગતિ ગજ સમ, હરિ[5] સેવે જસ પાયા ૦
પ્રભુજી ! મહેર કરી મહારાજ ! કાજ આજ મુજ સારો૦ (૧)

જિમ ઓષધિપતિ[6] દેખી મનમાં, કૌશિક[7] આણંદ પામે
તિમ પ્રભુ વક્ત્ર દ્વિજપતિ[8] દેખી, કૌશિક[9] આણંદ પામે - પ્રભુજી ૦ (૨)

જિમ ઔષધપતિ દેખી મનમાં, સચ્ચકોર પ્રીત પામે,
તિમ પ્રભુ વણ તે દ્વિજપતિ દેખી, સચ્ચકોર પ્રીતિ પામે - પ્રભુજી ૦ (૩)

જિમ રોહિણીપતિ[10] જગમાં જાણો, શિવને તિલક સમાન
તિમ પ્રભુ મોક્ષખેત્ર શોભાકરૂ, શિવને તિલક સમાન - પ્રભુજી ૦ (૪)

જિમ રાજા[11] ઝલહલતો [12]ઊગે, નિજ ગોથી[13] તમ ટાળે
તિમ પ્રભુ સમવસરણ બેસીને, નિજ ગોથી[14] તમ ટાલે - પ્રભુજી ૦ (૫)

જિમ સિતરુચિ[15] નભમાં ઊગીનેં, કુવલય[16] કરે ઉલ્લાસ ૦
તિમ જિનવર જગમાં પ્રગટીને, કુવલય[17] કરે ઉલ્લાસ-પ્રભુજી ૦ (૬)

નિશાપતિ[18] જબ ઉગે હોયેં, પુણ્ય[19] - સમુદ્ર - વૃદ્ધિકારી
થંભણપાસ પદપદ્મની સેવા. પુણ્ય[20] સમુદ્ર વૃદ્ધિકારી - પ્રભુજી ૦ (૭)

---

૧. ઘુવડ ૨. સૂર્ય ૩. ઇંદ્ર ૪. લીલા વર્ણવાળા ૫. સર્પ ૬. ચંદ્ર ૭. ઘુવડ ૮. ચંદ્ર ૯. ઇંદ્ર ૧૦. ચંદ્ર ૧૧. મહાદેવજી ૧૨. સૂર્ય ૧૩. કિરણોથી ૧૪. વાણીથી ૧૫. ચંદ્ર ૧૬. ચન્દ્રવિશીકમળ ૧૭. ભૂ-મંડળ ૧૮. ચંદ્ર ૧૯. સુંદર ૨૦ પુણ્યરૂપી સમુદ્ર

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

(વીરે વખાણી રાણી ચેલણાજી - એ દેશી)

**પાર્શ્વજિન** પૂર્ણતા તાહરી જી, શુભ-થિરતામાં સમાય
પરમ-ઈશ્વર વિભુ જિનવરૂ જી, સહજ આનંદ વીયરાય -પાર્શ્વ૦(૧)
શુદ્ધ-શુદ્ધાતમે રાજતા જી, કર્મ-રહિત મહારાય
પામીને અશુભને વામતા જી, નિરીહપણે સુખદાય - પાર્શ્વ૦(૨)
વિશ્વનાયક તુંહી સારહીજી, ત્યાગી ભોગી જિનરાજ
ચઉ બંધને પ્રભુ છંડીને જી, થયો માહરો શિરતાજ- પાર્શ્વ૦(૩)
ભવગિરિ ભંજન - પવી સમો જી, તારક બિરૂદ ધરાય
અમરપતિ નિત્ય નમે તુજ પદે જી, ભાવ ધરી નિરમાય- પાર્શ્વ૦(૪)
અમ સરીખા જે મોહે ગ્રહ્યા જી, તેહને તુંહી સહાય
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** પદ વરે જી, જેહ તુજને નિતુ ધ્યાય-૦ પાર્શ્વ૦(૫)

卐

## કર્તા : શ્રી કીર્તિવિમલજીમ.

વામાનંદન પાસ જિણંદ, પામ્યો પૂરવ પુણ્યે આણંદ-પ્રભુ એ ભલો.
પામી નરભવ જે જપે પાસ, પહોંચે સઘળી તેહની આશ - પ્રભુ૦(૧

રોગ શોગ ન હોય મારિ[1] હરિ[2], નવિ આવે પાસે કુનારી - પ્રભુ૦
પાસ પ્રભુનો જે કરે જાપ, ના આવે પાસે અરિ-કરિ-સાપ-પ્રભુ૦(૨)

આધિ-વ્યાધિ ન થાય દુકાલ, જે પાસ જાપ કરે ત્રિકાલ - પ્રભુ૦
શાકણ-ડાકણ ભૂત-પ્રેત, જાયે નાઠા દુષ્ટ-સંકેત-પ્રભુ૦(૩)

કામકુંભને જે સુર નર, વશ થાય પાસ ધ્યાને તત્કાલ - પ્રભુ૦
વિદ્યાદેવી વશ પાસને નામ, રાયરાણી સવિ કરે પ્રણામ - પ્રભુ૦(૪)

ત્રેવીશમો શ્રી પાર્શ્વનાથ, સાચો લહ્યો મેં મુક્તિનો સાથ - પ્રભુ૦
ઋદ્ધિને કીર્ત્તિ પ્રભુથી થાય, અમૃતપદનો એહ ઉપાય - પ્રભુ૦(૫)

---

૧. મરકી ૨. સિંહ

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

શ્રી કર શ્રીજિનપાસજી, અરજ સુણો મહારાજ
પરભવ ધન પુણ્યયોગથી, પાયો દરશણ આજ.
નામીજી શિરનામી રે, દીઠી દોલત થાય - નામિ૦
ભેટીયે ભાવઠ જાય - નામી ૦ સમરે સંપત્તિ આય. - નામી ૦(૧)
ઈચ્છા પૂરણ સુરતરૂ, પરતમ પરતો પેખ
શરણે આવ્યો તાહરે, ઈણમાં ન મીનને મેખ - નામી ૦(૨)
સ્વપ્ને સુતે જાગતે, નામ જપું .એક તાન
હારિ લલ કરી ગ્રહી રહો, જનમથી જીવત માન - નામી ૦(૩)
નિરખી નજર પાવન થઈ, જપતે જીભ પવિત્ર
વડિમ કેતી ઘણી કહું, અકલ સ્વરૂપ ચરિત્ર - નામી ૦(૪)
મહેર કરી મીઠી જરા, દુ:ખ ગયાં સવિ દૂર
વિમલ નિપાયો આતમા, દેઈ દાન સનૂર-નામી ૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (માહરી સહીરે સમાણી - એ દેશી)

નિરમલ નીરે અંગ પખાલી, પહિરો ખીરોદક સાડી રે; માહરી સહીરે સમાણી.
બાવન્ન-ચંદન ભરીય કચોળી, **પાસ** પૂજો ભંભરભોળી રે - મા૦ (૧)

ચંપક કેતકી માલતી મોગર,માંહિ બોલસિરી સુખકારી રે - મા૦
લાખીણાં ટોડર કરી જિનવર,કંઠે ઠવો જયકારી રે - મા૦ (૨)

કર ગ્રહી વીણા વેણુ મૃદંગા, હાથેં દીઓ એક તાલી રે - મા૦
નવ-નવ રાગ મેલાવત ગાવત, જિનગુણ - રંગ રસાલી રે - મા૦ (૩)

મનવંછિત-સુખ સુરતરૂકંદો વામાનંદન વંદો રે - મા૦
નિરખત નેહ અમીરસ વરષત, જસ મુખ પુનિમ ચંદો રે - મા૦ (૪)

પ્રાણપિયારે મોહનગારે, માહરૂં મનડું મોહીને લીધું રે - મા૦
દેખત હી નયણે નેહ લાગો, જાણું કામણડું કાંઈ કીધું રે - મા૦ (૫)

અંતરજામી સાહિબ સેંતી, જાણું ખિણ એક દૂર ન થાઉં રે - મા૦
અહનિશિ ચરણકમલ આરાહું, બલિ જાઉં તો સુખ પાઉં રે - મા૦ (૬)

**શ્રી લાવણ્યવિજય** ગુરુરાયા, **પાસ** પરમેશ્વર ધ્યાયા રે - મા૦
પંડિત **મેરૂવિજય** - ગુરુ, શિષ્યે, **વિનીતવિજય** ગુણ ગાય રે; - મા૦ (૭)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ અરગજો)

વારી જાઉં રે ચિંતામણિ પાસકી - વારી ૦ (૧)
નરક - નિગોદમેં બહુ દુખ પાયો, ખબર લીની નહીં દાસકી - વારી ૦ (૨)
ભમત ભમત તોરે ચરને આયો, દ્યો સેવા પદ આપકી - વારી ૦ (૩)
અબહી ટેડી ગતિ ન છોડું, લાગી સુરત પર આસકી - વારી ૦ (૪)
દિલકે મન તું દિલકી જાને, ક્યા કહું બચન વિલાસકી - વારી ૦ (૫)
અખય ચિદાનંદ **અમૃતલીલા**, દેઈ ગુનપદ રાસકી - વારી ૦ (૬)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

**(થારા મોહલાં ઉપર મેહ ઝરૂખે વીજળી - એ દેશી)**

પુરિશાદાણી **પાસ** જિનેશ્વર પૂજીયે - હો લાલ - જિને ૦
ત્રેવીશમો જિનરાય - દેખી મન રંજિયે - હો લાલ - દેખી ૦
ચરણ સરોરૂહ યમલ પ્રણમીયેં સ્વામીના - હો લાલ, પ્રણ ૦
કમઠાસુર હઠ ચૂરત - પૂરી મનકામના હો લાલ - પૂરી ૦ ॥૧॥
**અશ્વસેન** નરપતિ - વંશ - કુમુદ - ચંદલો - હો લાલ - કુમુ ૦
**વામા** માતા કૂખે-સરોવર હંસલો - હો લાલ - સરો ૦ ।
નીલવરણ તનુ કાંતિ - સુભાતિ રાજતી - હો લાલ - સુ ૦ ।
નવ કર માંને કાયા - અનોપમ છાજતી - હો લાલ - અનો ૦ ॥૨॥

નગરી **વારાણસી** જેહની, ધનદપુરી જિસી હો લાલ - ધન ०।
સરય લંછન શિવકારણ-ચરણે, સેવે હસી - હો લાલ - ચરણે ०।
દશ ગણધર મનોહાર-મનોભવ, ટાળતા-હો લાલ -મનો ०।
સોળસહસ મુનિ આણ- જિણંદની પાળતા - હો લાલ - જિ ० ।।૩।।
**ધરણેંદ્રને પદ્માવતી** - કરે જિન ચાકરી-હો લાલ - કરે ०।
સાધવી અડત્રીશ સહસ-અતીવ, કૃપા કરી - હો લાલ - અતી ०।
એકશત વરસનું જીવિત-જેહનું, જાણીયે-હો લાલ - જેહ ०।
જગજીવન જિનરાજ-સેવા ચિત, આણીયે-હો લાલ -સેવા ० ।।૪।।
સંસારસાગર તીરથી - ભવિજન તારીયે - હો લાલ, - ભવિ ०
અધર્મ અકીર્તિ અનીતિ-અંગ, નિવારીયે - હો લાલ - અંગ ०।
ઉત્તમ સરસી પ્રીત - કરે તે સુખ લહે - હો લાલ - કરે ०।
**પ્રમોદસાગર પ્રભુ નિસદિન - આજ્ઞા શિર વહેં - હો લાલ. -આજ્ઞા ०।।૫।।**

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(છેડોનાંજી ! છેડોનાંજી ! કોશ્યાજી!

વિષયનાં વયણાં વિરૂવા છેડોનાંજી-એ દેશી)

**શ્રી પાર્શ્વજિનેશ્વર** પરમ દયાનિધિ, દુખહર સુખકર સ્વામી ।
[1]કુમતનિશા-તિમિરાંતક દિન મણિ, શિવમંદિર વિસરામી
અંતરયામી ! તું પરિણતિ નિઃકામી, તેં નિજ પ્રભુતા પામી - અંતર૦ ॥૧॥
તું સુખદાયક ત્રિભુવનનાયક, નતસુરનાયક વૃંદ ।
મોહ-મહા તસ્કરપતિ-ઘાયક, જ્ઞાયક સકળ જિણંદ - અંતર ૦ ॥૨॥
અસુરાધમ કમઠાસુર શઠતર; હઠભર દલન [2]ઘરટ્ટ ।
જયકૃત કર્મસમૂહ વિજય જિમ, મર્દિત મદન મરટ્ટ - અંતર ૦ ॥૩॥
**અશ્વસેન** નૃપકુળ તિલકોપમ, લંછન જાસ ફણિંદ ।
લબ્ધ પસાય કષાય - બહુળજે, ફણિધર હુવો ધરણિંદ - અંતર ૦ ॥૪॥
**વામાસુત** અદ્ભુત ગુણગણયુત, ઇંદ્રનીલ સમકાય ।
**વાઘજી મુનિનો ભાણ કહે પ્રભુ ! કરો** શિવસુખ પસાય - અંતર ૦ ॥૫॥

---

૧. મિથ્યાત્વરૂપી = નિશા રાત્રિના તિમિર = અંધકારને દૂર કરવા દિનમણિ = સૂર્ય ૨.ઘંટી

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

### (બાઈજી ! તુમારો બેટડો, નણદી તુમારો વીર રે - એ દેશી)

પુરિસાદાણી **પાસજી** અવધારો, અવધારો મુજ અરદાસ રે - સેવાશું મનઘણું।
અહનિશિ હિયડા મેં વસ્યા રહી, કુસુમે જેમ સુવાસ રે -પ્રભુ૦ ॥૧॥

પરમ-પુરુષશું પ્રીતડી, કરતાં આતમ સુખ થાય રે -પ્રભુ૦ ।
કામી ક્રોધી લાલચી, નયણે દીઠા ન સુહાય રે -પ્રભુ૦ ॥૨॥

આઠ પહોર ચોસઠ ઘડી, સંભારું તાહરું નામ રે -પ્રભુ૦ ।
ચિત્તથી ન કરું વેગળો, બીજું નહીં માહરે કામ રે -પ્રભુ૦ ॥૩॥

અવનિ ઇચ્છિત પૂરવે, સહુ સેવકનો મહારાય રે -પ્રભુ૦ ।
મહેર કરીજે સાહિબા, દીજે વંછિત સુપસાય રે -પ્રભુ૦ ॥૪॥

અ-વિનાશી અરિહંતજી, **વામાનંદન** દેવ રે -પ્રભુ૦ ।
**શ્રીઅખયચંદ સૂરીશનો**, શિષ્ય **ખુશાલ** કરે તુજ સેવ રે - પ્રભુ ૦ ॥૫॥

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(પદમણી પાણીડાં સંચરી, મારૂજી વાવ ખોદાવો - એ દેશી)

નયરી **વારાણસી** સાહેબો, પ્રભુજી **પાર્શ્વ** જિણંદ ।
જગદાનંદન ચંદ જગતગુરૂ ! રાજતો, ભવિજન નયણાનંદ ॥૧॥

કામિત-પૂરણ-સુરતરૂ, પ્રભુજી ! પરમ આધાર ।
દુઃખદાવાનલ-વારક જગતગુરૂ ! તું જયો, સજલ-જલદ સુખકારૂ ॥૨॥

તુજ દરિસણથી રૂચિરાગથી, પ્રભુજી ! પરમ કૃપાલ ।
પામું જ્ઞાન રસાળ જગતગુરૂ ! સેવતાં, ચારિત્ર ગુણ સુવિશાળ ॥૩॥

મુખમટકે જગ વશ કરયા, પ્રભુજી ! પરમ પુનિત ।
વામાદેવી સુત પ્રીત જગતગુરૂ ! માહરો, **અશ્વસેન** સુવિનીત ॥૪॥

અતીત અનાગત જિનપતિ, પ્રભુજી જે વર્તમાન ।
તુજ વંદન ગુણ જ્ઞાન જગતગુરૂ ! તે સવે, પ્રણમું પરમનિધાન. ॥૫॥

ગણધર મુનિવર પ્રમુખ જે, આદ્ય અંત પરિવાર ।
તે વંદુ સુવિચાર જગતગુરૂ ! ધ્યાઇએ, ફણિપતિ-લંછન સાર ॥૬॥

**પાર્શ્વ** પ્રમુખ જે યક્ષ છે પ્રભુતીરથ રખવાળ ।
દીજો દીનદયાળ જગતગુરૂ ! **ચતુર**ને, ચરણરી સેવા રસાળ ॥૭॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (કડખાની - દેશી)

સહજ ગુણ-આગરો સ્વામી સુખ-સાગરો, જ્ઞાન વઈરાગ રે પ્રભુ સવાયો૦ ।
શુદ્ધતા એકત્વતા તીક્ષ્ણતા-ભાવથી, મોહરિપુ જીતી જગ-પડહ વજાયો.
-સ૦ ॥૧॥

વસ્તુ નિજભાવ-અવભાસ નિ-કલંકતા, પરિણતિ વૃત્તિતા કરી અભેદે ।
ભાવતાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી, સંતતિ-યોગને તું ઉછેદે.
-સ૦ ॥૨॥

દોષ-ગુણ વસ્તુને લખીય યથાર્થ્યતા, લહી ઉદાસીનતા આપભાવે ।
ધ્વંસી તજજન્યતા ભાવ-કર્તાપણો, પરમ-પ્રભુ ! તું રમ્યો નિજ-સ્વભાવે.
-સ૦ ॥૩॥

શુભ-અશુભ ભાવ અવભાસ - તહકીક(તા)થી,
શુભ-અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો ।
શુદ્ધ પરિણામતા વીર્યકર્તા થઈ, પરમ અક્રિયતા અમૃત પીધો.
-સ૦ ॥૪॥

શુદ્ધતા પ્રભુ તણી આત્મ-ભાવે રમે, પરમ પરમાત્મા તાસ થાયે ।
મિશ્ર-ભાવે અછે ત્રિ-ગુણની ભિન્નતા, ત્રિ-ગુણ એકત્વ તુજ ચરણ આયે.
-સ૦ ॥૫॥

ઉપશમ-રસભરી સર્વજન-સંકરી, મૂર્તિ જિનરાજની આજ ભેટી ।
કારણે કાર્ય-નિષ્પત્તિ શ્રદ્ધાન છે, તિણે ભવ-ભ્રમણની ભીડિ મેટી.
-સ૦ ॥૬॥

નયર ખંભાયતે પાર્શ્વ-પ્રભુદરશણે, વિકસતે હર્ષ-ઉત્સાહ વાધ્યો।
હેતુ એકત્વતા-રમણ પરિણામથી, સિદ્ધિ-સાધક પણો આજ સાધ્યો.

-સ૦॥૭॥

આજ કૃતપુણ્ય ધન દીહ માહરો થયો, આજ નર-જનમ મેં સફળ ભાવ્યો।
દેવચંદ્ર સ્વામિ ત્રેવીશમો વંદીયો, ભક્તિ-ભરચિત્ત તુજ ગુણ રમાવ્યો.

-સ૦॥૮॥

## કર્તાશ્રી જીવણવિજયજી મ.

### (મોહ મહીપતિ મહેલ મેં બેઠે)

મન મોહન મેરે પ્રાણથી પ્યારે। પાસજી પરમ નિધાન-લલના।
પૂરવ-પુણ્યે દરિશન પાયો, આયો અબ જસ વાન,
બલિહારી જાઉં જિણંદની હો૦...॥૧॥

વામા-નંદન પાપ-નિકંદન, **અશ્વસેન** કુલચંદ-લલના।
જા કી મૂરતિ-સૂરતિ દેખી, મોહ્યા સુર-નર-વૃંદ-બલિ૦...॥૨॥

તીન ભુવન કે આપ હૈ ઠાકુર, ચાકર હૈ સબ લોક - લલના।
નીલવરણ તનુ આપ બિરાજે, છાજે ગત-ભય-શોક-બલિ૦...॥૩॥

કમઠાસુરકો મદ પ્રભુ ગાળ્યો, ટાલ્યો કોપકો કોટ-લલના।
અતિ અધિકાઈ આપકી દીસે, નિજ કર્મ-શિરે દીની ચોટ - બલિ૦...॥૪॥
ઘનઘાતી પણ દૂર નિવારી, લહી કેવલ થયા સિદ્ધ-લલના।
જીવણ કહે જિન-પાસ-પસાયે, અનુભવ-રસ-ઘટ પીધ,-બલિ૦...॥૫॥

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (દેશી ગિંહુંયડાની)

સકલ-કુશલ-તરૂ પોષવા રે, હાંજી ! જે જિનવર જલધર કહેવાય-સુખકારી।
મન-વંછિત-સુખ પૂરવા રે, હાંજી સુરતરૂ સમ જેહનો મહિમાય -સુખ૦॥૧॥
જગગુરુ જિનરાજ-સુખ૦, ભવ-જલધિ જહાજ-સુખ૦
દીઠો મેં આજ-સુખ૦, ફળિયાં સવિ કાજ-સુખ૦ ।
સ-જલ જલદ જિન સોહતી રે,
હાંજી ! નિરુપમ નીલવરણ જસ કાય-સુખ૦ ।
શિર પર [1]સૌદામિની-સમી રે,
હાંજી ! ફણિ-મણિ-કિરણ ઝલકી ઝલકાય-સુખ૦॥૨॥
ગરૂડ તણે ગરજા-રવે રે,
હાંજી ! જિમ પન્નગ-કુલ પ્રબલ પલાય -સુખ૦।
તિમ પ્રભુ - નામ - પસાયથી રે,
હાંજી ! સંકટ-વિકટ સકલ મિટ જાય -સુખ૦॥૩॥
કમલાકરમાંહી કમલડાં રે,
હાંજી ! જિમ વિકસે દેખી દિનરાય -સુખ૦।
તિમ મુજ હિયડું હેજશું રે,
હાંજી ! હરખી હસે નીરખી પ્રભુ-પાય-સુખ૦॥૪॥
વામા-નંદન વાલહો રે,
હાંજી ! જગદાનંદન જિનવર રાય-સુખ -૦ ।
**દાનવિજય** સુખિયો સદા રે,
હાંજી ! પામી **પાસ-ચરણ-સુપસાય-સુખ૦**॥૫॥

૧. વીજળી

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (તે મુનિવર જગ વંદીએ - એ દેશી)

જિનવર **પાસ** - [1]પસાઉલે, ઘર છાજે હો ! વર મંગલ - કેલિ કે ।
પ્રભુ બગસીસ કરે સહી, સહુ કાજે હો ! રાજે રંગ-રેલિ કે -

-સોભાગી ! એ જિન સેવીયે, સેવાનો હો ! સાહિબ છે જાણ કે ।
મંત્ર-તંત્રાદિ જપ્યા વિના, સેવકને હો ! કરે જગ [2] સુલતાન કે - સો ૦ ॥૨॥

પુરિસાદાણી-પાસજી, મહી મહિમા હો ! જાગે જયવંત કે ।
ધરણેન્દ્ર ને પદ્માવતી, કરે સાનિધ્ય હો ! ભગતિ ભગવંત કે - સો ૦ ॥૩॥

દાસ કહે કર જોડીને, તેં કીધા હો ! જગ મહા-ઉપગાર કે ।
[3]નારાયણ [4]નર-રાજીયો, તે તુજને હો ! છાજ્યો છત્રધાર કે-સો ૦ ॥૪॥

[5]કમલા [6]રમલ કરે ઘણી, ધણીઆણી હો ! આણી અતિરૂપ કે ।
ભોગ ભલી-પરે ભોગવે, તુજ ધ્યાને હો ! માને થયા ભૂપ કે - સો ૦ ॥૫॥

[7]સાહી [8]બાંહ તેં જેહની, [9]પાતશાહી હો ! આવી તસ હાથ કે ।
સોવન-રૂપા **મેઘ** જ્યું, સહી વરસે હો ! નમતાં તુમ નાથ કે - સો ૦ ॥૬॥

---

૧ મહેરબાનીથી ૨ બાદશાહ ૩ શેષનાગ તે નારાયણ = વિષ્ણનું સ્વરૂપ છે ૪ શ્રેષ્ઠ રાજા ૫ લક્ષ્મી ૬ દેખાવ ૭ પકડી ૮ બાહ્ય = ભુજા ૯ બાદશાહી સમૃદ્ધિ

## કર્તા : શ્રી કેસરવિમલજી મ.

### (નમો રે નમો શ્રી શેત્રુંજા-ગિરિવર - એ દેશી)

સુણ સાહેબ ! પ્રભુ ! **પાસ-જિનેસર** ! નેહ-નજરથી નિહાળ રે ।
તુજ સાનિધ્યથી [1]હેલાં લહીયે, દિન-દિન મંગળ-માળ રે - સુણ ૦ ॥૧॥

કારણ મહીયલે શિવસુખ-કેરો, એક તુંહી જ જિનરાજ રે ।
જ્યું વ્યવહાર સદા જગ-જનનો, [2]વરતાવણ [3]દિનરાજ રે - સુણ ૦ ॥૨॥

મોહ-વશે તુમ છંડી જે જન, અવર સુ-દેવ કરી જાણે રે ।
સ-જલ સરોવર છંડી તે મન, [4]મૃગ-જલશું સુખ માણે રે - સુણ ૦ ॥૩॥

દર્શન-ભેદે તું બહુ રૂપી, પરમારથ એક-રૂપ રે ।
સ્ફટિક-મણિ જ્યું [5]વરણ-ઉપાધે, આભાસે બહુ-રૂપ રે-સુણ ૦ ॥૪॥

ભવ-દુઃખ ભંજન તું જગ-રંજન, તું હી નિરંજન દેવ રે ।
કહે **કેશર** પ્રભુ । **પાસ-જિનેસર** ।, દીજે તુમ પદ-સેવ રે-સુણ ૦ ॥૫॥

---

૧. જલ્દી ૨. ચલાવવા ૩ સૂર્ય ૪ ઝાંઝવાના પાણી સાથે ૫ રંગના કારણે

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

(રામચંદ કે બાગ ચાંપો મોરિ રહ્યોરી - એ દેશી)

ત્રિભુવન-નાયક **પાસ**, અતિ સુણ હેજ ધરીરી ।
હું આવ્યો પ્રભુ પય પાસ, નિરખો નેહઈ કરીરી ।।૧।।

તું સાહિબ હું દાસ, અવર ન કોઈ ચમઈરી ।
તુમ્હ દેખ્યાં હુઇ ઉલ્લાસ, મોહન મુઝ મન-મઈરી. ।।૨।।

મુઝ ઇક તાહરું ધ્યાન, તુમ્હ ગુણ-જાપ જપુંરી ।
પાડીવા સાહિબ સેવ, ક્રોડ ઉપાય ખપુંરી ।।૩।।

જો હુઇ પ્રભુનો પ્યાર, તો વંછિત-કાજ સરઇંજી ।
સફલ હુઇ અવતાર, તન-મન અધિક ઠરઇંરી ।।૪।।

કરિઇ મુઝ ઉપગાર, અ-વિચલ સુખ દીજઇરી ।
**કનકવિજય** જય જયકાર, પરમોદય કીજઇરી ।।૫।।

## કર્તા : શ્રી રૂચિર વિમલજી મ.

(રાગ-સોરઠ"રંગ બુટી હો ! સાહિબા ! રંગરી બુટી" એ - દેશી)

**અશ્વસેન**-સુત સુંદર સોહૈ, **પાસ** પરમ હિતકારી -
વાલ્હેસર માનો વિનતડી; અરે કીજઇ છે [1]મીનતડી, વાલ્હે ૦
પ્રભુજી ! પરમ દયાલ દયા કરી કીજે, [2]સાર [3]સંભારી હો-
સાહિબ! માનો વિનતડી..॥૧॥

પ્રભુજી ! મૂરતિ પ્રાણથી પ્યારી હૈયાથી ન રહે ન્યારી - વા ૦।
ઉત્તમ કેરી પ્રીત વિચારી, મત મૂકો વિસારી - હો સાહિબ ૦..॥૨॥

[4]જ્વલન જલંતો નાગ ઉગાર્યો, પરમ ધરમ ચિત્ત ધારી - વાલ્હે ૦।
ચરણ-કમલકી દીજે સેવા, ભવ-જળહિ પાર ઉતારી-હો સાહિબ૦..॥૩॥

પ્રભુજી ! ચરણ-ન્હવણ - જલ જોગે, યાદવ જરા નિવારી - વાલ્હે ૦।
**નાગાર્જુન** યોગી-સિદ્ધિ-સાધક, **એલગ** કુષ્ટ સંહારી-હો સાહિબ ૦..॥૪॥

અષ્ટ મહાભય દૂરિ નિવારી, દીજે સંપત્તિ સારી ।
રૂચિર પ્રભુજી મેરા સાહિબ, તુમ હો પર-ઉપગારી-
- હો ! સાહિબ ! માનો વિનતડી ૦..॥૫॥

---

૧. આજીજી ૨. સંભાળ ૩ ધ્યાન દઈ ૪. અગ્નિ

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (મ્હારું મન મોહ્યું દરિયાખાંનસુ-એ દેશી)

અશ્વસેન-[1]જાતક પ્રતિ, કરૂં અતિ અરદાસ ।
દાસ કરી હવે જાણજ્યો, પૂરજ્યો આશ
મ્હારું મન મોહ્યું વામા-નંદશું ॥૧॥
ગુણ-અવગુણ પ્રભુ ! માહરા, હીયડે મત [2]તાક !
મેહ ન જોએ હો ! વરસતો, એ અંબ ને આક-મ્હારું ૦ ॥૨॥
તે સજ્જન શ્યું કીજીએ ? હીએ હેજ ન જાસ ।
અવસર પામી આપણો, મુકે સહાય નિરાશ - મ્હારું ૦ ॥૩॥
[3]વાર વહતે આપણે, વિલમાવૈ આમ ।
અવસર આલે નિગમૈં, તે ફોકટ સ્વામ-મ્હારું ૦ ॥૪॥
ઉપર રંગ સુરંગ જે, હીએ રંગ ન રૈહ ।
કણેયર ફૂલ સમોવડે, લેખવીંઇ તેહ-મ્હારું ૦ ॥૫॥
રૂચિર પ્રભુજીસું વિનંતી, માનો મહારાજ ।
કાજ સુધારો દાસનાં, વધારીંઇ લાજ-મહારૂં ૦ ॥૬॥

---

૧. પુત્ર ૨. વિચારો ૩. પોતાની ચઢતી કળાએ ટટલાવે અને અવસર વીત્યે આપે તે શું સ્વામી કહેવાય ! (ચોથી ગાથાનો અર્થ)

## કર્તા : શ્રી રૂચિર વિમલજી મ.

### (અજબ સુરંગી હો હંજા મારૂ લોવડી – એ દેશી)

સૂરતિ પ્યારી હો ! પ્રભુજી ! તાહરી દીઠાં [1]દોલત થાય ।
રાજ ! [2]નિવાજો હો ! આજ મયા કરી,
તુમ વિણ ખિણ ન સુહાય-સૂરતિ૦....॥૧॥
સુર-નર કોડિ હો ! કર જોડી નમે, ગોડી ગરીબ-નિવાજ ।
દેવ ન સેવું હો ! અવર ઈણે ભવે, માહરે પ્રભુજીશું કાજ-સૂરતિ૦....॥૨॥
સાહિબ સાચા હો ! વાચા મુજશું પાલજ્યો, પ્રભુજી પ્રાણ-આધાર ।
સાર કરજ્યો હો ! દેજ્યો ચરણાં ચાકરી, મત મૂકો વિસાર - સૂરતિ૦....॥૩॥
ચાતક ચાહૈ ! [3]ઉમાહો જિમ મેહનો, જિમ મધુકર-અરવિંદ ।
નયણ-ચિકોરી હોં ! [4]ડોરી [5]જોરી નેહશું, ચાહે તુમ મુખ ચંદ -સૂરતિ૦..॥૪॥
સહજ-સુરંગા હો ! ચંગા સેબલ-ફૂલ જ્યોં, કામ પડયાં કુમલાય ।
ભીડ ન ભાંગૈ હો ! ભીડ પડયાં થકાં, તે પ્રભુ નાવૈ [6]દાય-સૂરતિ૦....॥૫॥
નેહ ન તોડો હો ! જોડો પૂરવ પ્રીતડી, સુગુણાં સરસ સનેહ !
બાંહ ગ્રહ્યાની હો ! લાજ નિવાહીએ, ઈમ કિમ દીજે છેહ - સૂરતિ૦....॥૬॥
ખિજમતગારાં હો ! પ્યારાં અવગુણ [7]છાવરે, તે મહી મોટા મિત્ત !
અવગુણ જાણી હો ! તાણી તોડૈં પ્રીતડી, એ નિગુણાંની રીત-સૂરતિ૦...॥૭॥
નેહ સંભાલો હો ! ટાલો મનનો આમલો, પ્રભુજી દીન-દયાલ ।
નયણ રસીલે હો ! વયણ વિનોદસ્યું, કીજયે રંગ રસાલ-સૂરતિ૦...॥૮॥
ચરણ ન છોડું હો પ્રભુજી ! હું તાહરા, [8]જાં લગી ઘટમાં સાસ ।
રૂચિર ગોડીચા હો ! સાચા સાહેબ સેવતાં, સફલ ફલી મુઝ આશ
-સૂરતિ૦ ॥૯॥

૧. લક્ષ્મી ૨. મહેરબાની કરો ૩. ઉત્સુક ૪. દોરી ૫. જોડી ૬. અનુકૂળ ૭. ઢાંકે ૮. જ્યાં સુધી

## કર્તા : શ્રી ભાવપ્રભસરિ મ.

### (સિદ્ધારથના રે નંદન વિનવું - એ દેશી)

[1]વાલ્હપણું જિનરાજસ્યું માહરઇ, એવું ન બીજઇ રે ઠાણ ।
પ્રભુ-નામઇં હું પ્રાણનઇં પાથરું, [2]અલવઇ ન લોપું રે આણ-વાલ્હ૦ ॥૧॥

કારણ વાલ્યપણાનું શ્યું હશ્યઇ ? ઇમ મનિ કરૂં રે સંભાલિ ।
કારણ મોહન ! પ્રભુ ! [3]પ્રીછઇ નહીં, નહીં સંસારનો ખ્યાલ-વાલ્હ ॥૨॥

અણદીઠાં મન માહરું ટલવલઇ, જં [4]તુઇ. [5]નવલઇ રે [6]જંપ ।
બીજો ન એહવો રે [7]જગમઇ જેહવો, સહજ સ-ભાવસ્યું સંપ-વાલ્હ૦ ॥૩॥

ગુણ-રતનાકર મૂરતિ જિન તણી, ચિહું દિશિ દીપઇ રે તેજ ।
[8]મીંટો-મિંટાઇ રે મુખડું નિહાલતાં, હીયડે-જાગઇ રે હેજ-વાલ્હ૦ ॥૪॥

પાસ-જિણેસર અલવેસર ધણી, ભવ-દુઃખ-ભંજણહાર ।
વાલ્હો કહીઇ રે મનથી ન વીસરઇ, **શ્રી ભાવપ્રભ** આધાર - વાલ્હ૦ ॥૫॥

---

૧. અંતરનો પ્રેમ-ઉમળકો ૨. કદી પણ ૩. ઓળખીતું ૪. તારાથી ૫. બહલથી ૬. શાંતિ ૭. જગમાં ૮. આંખોઆંખ

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

(રાજાના મિલે-એ દેશી)

**વામા-નંદન પાસ-જિણંદ**, પામ્યા પૂરવ-પુણ્યે મુણિંદ-પ્રભુ! એ ભલો।

પામી નરભવ જે ભજઇં પાસ,

પોહચઇં સઘલી તેહની આશ-પ્રભુ ! એ ભલો॥૧॥

રોગ-શોગ ન હોઇ મારિ, હરિનખી નાવઇં પાસઇ કુનારિ - પ્રભુ ०।

**પાસ**-પ્રભુનો જે કરઇં જાપ, નાવઇં પાસંઈઅરિ-કરિ-સાપ-પ્રભુ ०॥૨॥

આધિ વ્યાધિ ન થાય દુકાલ, જે પાસ - જાપ કરઇં ત્રિકાલ - પ્રભુ ०।

શાકિણી ડાકિણ-ભૂત-પરેત, જાઇં નાઠા દુષ્ટ-સંકેત-પ્રભુ ०॥૩॥

કામ-કુંભ ને જે સુર-રત્ન, વસ્ય થાઇં પાસ-ધ્યાન નેં યત્ન -પ્રભુ ०।

વિદ્યા-દેવી વશ **પાસ**ને નામ, રાય-રાણા સવિ કરઇં પ્રણામ-પ્રભુ ०॥૪॥

ત્રેવીસમો શ્રી **પારસનાથ**, સાચો લહ્યો મઇં મુગતિનો સાથ-પ્રભુ ०।

**ૠદ્ધિ-કીરતિ** પ્રભુથી થાય, **અમૃત**-પદનો એહ ઉપાય-પ્રભુ એ ભલો ०॥૫॥

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(પર્વ પજુસણ આવિયા રે લાલ - એ દેશી)

ત્રિભુવન-નાયક વંદીયે રે લો, પુરિસાદાણી પાસ રે - જિનેસર ! ।
સુરમણિ-સુરતરુ-સારીખો રે લો, પૂરતો વિશ્વની આશ રે - જિને ૦
- જયો જયો **પાસ** - જિનેસરૂ રે લો ॥૧॥
[1]વાસવ-પૂજિત વંદીયે રે લો,
આણી ભાવ-ઉલ્લાસ રે - જિને૦ જયો૦ ॥૨॥
શ્રી જિન ! તુજ દરિસણ વિના રે લો, ભમિયો કાલ અપાર રે -જિને૦।
આતમ-ધર્મ ન ઓળખ્યો રે લો,
ન લહ્યો તત્ત્વ-વિચાર રે - જિને૦ જયો૦ ॥૩॥
પ્રવચન અંજન જે કરે રે લો, પામી સદ્‌ગુરુ-સંગ રે - જિને ૦।
શ્રદ્ધા-ભાસન પ્રગટતાં રે લો, લહીએ ધર્મ-પ્રસંગ રે - જિને૦ જયો ૦॥૪॥
સાધન-ભાવે ભવિકને રે લો, સિદ્ધિને ક્ષાયિક હોય રે - જિને ૦।
પ્રગટ્યો ધર્મ તે આપણો રે લો,
અ-ચલ અ-ભંગ તે જોય રે-જિને૦ જયો૦ ॥૫॥
તુજ ચરણાં મેં ભેટિયા રે લો, ભાવે કરી જિનરાજ રે - જિને ૦।
નેત્ર-યુગલ જિન નિરખતાં રે લો,
સિધ્યાં વંછિત-કાજ રે-જિને૦ જયો૦ ॥૬॥
નીલ-વરણ નવ-[2]કર ભલું રે લો, દીયે તનુ સુ-કુમાલ રે - જિને ૦।
**જિન-ઉત્તમ-પદ** સેવતાં રે લો,
**રતન** લહે ગુણ-માળ રે - જિને૦ જયો૦ ॥૭॥

---

૧. ઈંદ્ર ૨. હાથ

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ-મોહ તો તે મુધા શહિરનો રે - એ દેશી)

પુરિસાદાણી પાસજી, પ્રભુ-પાય નમું નિત મેવા રે ।
પ્રત્યક્ષ પરચા પૂરણ, સુર-નાયક સારે સેવા રે - પુરિસા ૦ ।।૧।।

પૂરવ-પુણ્ય પસાઉલો, તુમ દુરલભ દરિસણ દીઠું રે ।
હીયડા-કુંપલ ઉલસ્યાં, મુજ લોચન અમીઅ પઈઠું રે - પુરિસા ૦ ।।૨।।

રોગ-શોગ-ચિંતા સહુ, દુઃખ દાલિદ્ર સંકટ નીઠું રે ।
ઈતિ-ઉપદ્રવ આપદા ગઈ, અ-શુભ કર્મ અતિ-ધીઠું રે - પુરિસા ૦ ।।૩।।

અમૃત-પાન થકી ભલૂં રે પ્રભુ, દરિસણ લાગે મીઠું રે ।
પુણ્યદશા પ્રગટી હવિં, પાતિક ચકચૂર પીઠું રે - પુરિસા ૦ ।।૪।।

વંછિત-કમલા મઈ વરી, એ તો પામી મંગલ-માલો રે ।
શંખેસર પ્રભુ ભેટતાં માણિક-રંગ રસાલો રે - પુ ૦ ।।૫।।

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (જોશી બેટી રૂપેં આગલી બનડાજી - એ દેશી)

પ્રગટ પૂરેવા મન કામના જિનવરજી, અ-વિહડ કલ્પતરુનો છોડ
અ-કલ સરૂપી વિરાજે અભિનવ-દિનમણિ,
છે અધિકારી લાયક મોક્ષનો - જિન૦
કુણ કરે પુરિસાદાણી હોડ ? અકળ૦॥૧॥
સુદર્શન દશમા કલ્પથી - જિન૦
[1]અ-નિમિષ આયો ચવીનેં ઉદર - અકળ૦।
કાશી વણારસીમાંહિ ઉપનો - જિન૦,
જનમ નક્ષાત્ર વિશાખા સાર-અકળ૦॥૨॥
રાક્ષસ ગણ વાઘ્ર જોનિ કહી - જિન૦
તુલા રાશિ સોહેં શ્રી વીતરાગ-અકળ૦।
નવપલ્લવ રમણિક દેહડી, [2]હરીત લંછન ચરણે નાગ-અકળ૦॥૩॥
ધરી અનુકંપા થઈ સંજમી-જિન૦
સાધ્યો ચોરાશી જોગારંભ-અકળ૦।
ઉજ્જવલ ધ્યાન [3]ધવતરૂ હેઠલે-જિન૦
પામીયા કેવલ જ્ઞાન સુરંભ - અકળ૦॥૪॥
રૂંધી જોગ [4]અલે-શ્રી પદ વર્યા-જિન૦
સાથેં તેત્રીશ મુનિ પરિવાર - અકળ૦।
અ-વ્યાબાધ અ-ક્ષય અ-ભંગ-જિન૦
**દીપેં** શિવ રામા શિણગાર - અકળ૦॥૫॥

૧. દેવ ૨. લીલો રંગ ૩. ઝાડનું નામ છે ૪. ઉત્તમ

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (ઢાલ-થંભણપુરની, અથવા જિણ અતિસય કરિય કઇ જાયણિ એહની ઢાલ)

વાણારસી નયરી (૧) આસસેણો (૨), વામા ઉઅરઇ હંસ સમાણો (૩)
તુલરાસી (૪) અંક નાગો (૫) પાણય કપ્પ થકી અવતરીયઉ (૬)
બાણારસિ વય (૭) કેવલ વરીયઉ (૮) ધવ ચેઇઅ (૯)
નીલંગો (૧૦) ॥૭૯॥ રિખ્ખ વિસાહા (૧૧) નવ કરા દેહો (૧૨),
અઠમ તમ સંજમ ગુણ-ગેહો (૧૩) આઉ સય વાસયકો (૧૪)
ધન ઘરિ પારણ (૧૫) દહ ગણધાર (૧૬)
અજ્જા અડતીસ સહસ અપાર (૧૭)
સહસ સોલ સાહુ છેકો (૧૮) ॥૮૦॥
નેમિ-પાસ વાસંતર વાત, ત્યાસી સહસ સડ્ઢ સય સાત (૧૯)
[1]પઉમા (૨૦) [2]વામન જખ્ખ (૨૧)
તિગ લખ સાવિઅ, ઇગ ચત સહસા (૨૨)
સાવય લખ ઇગ ચઉઠિ સહસા (૨૩)
સિહરિ સંમેતઇ મુખ્ખ (૨૪) ॥૮૧॥

---

૧. પદમાવતી દેવી ૨. પાર્શ્વયક્ષ

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(સખી આજ આસાઢો ઊગ્યો, સખી ઝરમર વરસે મેહ - એ દેશી)

જી રે ! આજ દિવસ ભલેં ઉગિયો જી રે, આજ થયો [1]સુ-વિહાણ ।
પાસ-જિણેસર ભેટીયા, થયા આનંદ-કુશલ-કલ્યાણ હો
સાજન સુખદાયક જાણી સદા, ભવિ પૂજો પાસ જિણંદ -સાજન૦॥૧॥

જી રે ! ત્રિકરણ - શુદ્ધિઇં ત્રિહું સમે જી રે, નિસિહી ત્રિણ સંભારિ ।
ત્રિહું દિશિ નિરખણ વરજીનેં, દીજેં ખમાસમણ તીન વાર હો-સાજન૦॥૨॥

જી રે ! ચૈત્યવંદન ચોવીસનો જી રે, સ્વર-પદ-વર્ણ વિસ્તાર ।
અર્થ-ચિંતન ત્રિહું કાલનાજી રે, જિનનાથ ! નિખેપા ચાર હો -સાજન૦॥૩॥

શ્રી જિન પદ ફરસે લહે, [2]કલિ-મલીન તે [3]પદ [4] કલ્યાણ ।
તે વલી અ-જર અ-મર હુવે, અ-પુનર્ભવ શુભ નિર્વાણ હો-સાજન૦ ॥૪॥

જી રે ! લોહભાવ મુકી [5]પરોજી રે, પારસ[6]-ફરસ-પસાય ।
થાયે [7]કલ્યાણ કોક [8] ધાતુથી, તિમ જિન-પદ મોક્ષ ઉપાય હો-સાજન૦॥૫॥

જી રે ! ઉત્તમ નારી-નર ઘણાજી રે, મન ધરી ભક્તિ ઉદાર ।
આરાધી જિન પદ ભલો, થાઇ જિન કરેં જગ ઉપગાર હો-સાજન૦॥૬॥

જી રે ! એહવો મન નિશ્ચલ કરી જી રે, નિશિ દિન પ્રભુને ધ્યાય ।
પામેં **સૌભાગ્ય સ્વરૂપનેં**, [9]નિવૃત્તિ [10]કમલાવર થાય હો-સાજન૦॥૭॥

---

૧. સુપ્રભાત ૨. પાપથી મલિન ૩. સ્થાન ૪. સારૂં ૫ દૂર. ૬. પારસ મણિના સ્પર્શથી
૭. સોનું ૮. લોખંડમાંથી ૯. મોક્ષ રૂપી ૧૦. લક્ષ્મીના ધણી

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (શ્રી અરજિન ભવજળનો તારુ-એ દેશી)

પાસ-જિનેસર પુણ્યે મલિયો, સ્હેજે સુરતરૂ ફલીયો રે - -પ્રભુ પુરિસાદાણી,
અનંત ગુણ-મણિખાણી-પ્રભુ પુરિસાદાણી ।
-ધન્ય દિવસ ! મુજ આજથી વલીયો, જિન શાસનમાં ભલીયો રે-પ્રભુ૦ ॥૧॥
સમર્યો સંકટ સહુના ચૂરે, સાચો વાંછિત પૂરે રે - પ્રભુ૦ ।
પ્રભુ-પદ પામી જે રહે દૂરે, તે તો પરભવ ઝૂરે રે - પ્રભુ૦ ॥૨॥
કષ્ટ કરતાં કમઠને વારી, નાગને થયા ઉપગારી દે - પ્રભુ૦।
અંત-સમય નવકાર-દાતારી, તિણે હુઓ સુર અવતારી રે - પ્રભુ ૦ ॥૩॥
છાંડી ભોગસંજોગ અસાર, આદરે મહાવ્રત-ભાર રે-પ્રભુ૦।
કમઠ કોપે મૂકે જળધાર, ધ્યાનથી ન ચલ્યા લગાર રે - પ્રભુ૦ ॥૪॥
ઘાતી-કર્મ તણો કરી નાશ, કેવળ લહી ઉલ્લાસ રે - પ્રભુ૦।
અણહુંતે કોટી એક એક પાસે, દેવ કરે અરદાસ રે - પ્રભુ૦ ॥૫॥
આઠ મહા-પ્રાતિહાર્ય બિરાજે, ઉપમા અવર ન છાજે રે - પ્રભુ૦ ।
પાંત્રીશ ગુણ વાણીયે ગાજે, ભવિના સંશય ભાજે રે - પ્રભુ૦ ॥૬॥
અનેક જીવને પાર ઉતારી, આપ વર્યા શિવનારી રે - પ્રભુ૦ ।
શ્રી ખિમાવિજય-પય-સેવા સારી, જશ લેવા દિલ ધારી રે- પ્રભુ૦ ॥૭॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

(રાગ કડખો)

વિમલવર સકલ ગુણ-રયણાયરૂ, **પાસ સુખસાગરૂ** દરિસ પાયો।
સહજ-આનંદ સુખકંદ અતિ ઉલ્લસ્યો
[1]ઐન જિનવચન-સુખ-ચેન આયો-વિમલ૦...॥૧॥
શુદ્ધ [2]અનિદાન તુઝ ધ્યાન ગુણ-જ્ઞાનથી,
મુઝ ઉપાદાન પ્રભુતા પ્રકાશી ।
વિકટ-મિથ્યાત્વની ભ્રાંતિ [3]નિકટે નહિ,
દૂર રહી લૌલ્યતા દીન-દાસી-વિમલ૦...॥૨॥
છેક સુ-વિવેક પ્રભુ નેક-નજરે કરી,
નિરખતાં દાસના દુરિત જાવે ।
[4]તરિણ-કિરણે કરી કમલ વિકસિત થઈ,
[5]બહલ-પરિમલ યથા પ્રગટ થાવે-વિમલ૦...॥૩॥
એક મુજ ટેક અતિરેક ગુણ-ઉલ્લસી,
તુજ વિના અવર નવિ ચિત્ત ચાહું !
એહ પરતીત-વિધિ નીતિ ત્રિ-કરણ થકી દેવ !
તુમ્હ સેવ ભવે-ભવે [6]આશ હું-વિમલ૦...॥૪॥
દીપ નિશિ દ્વીપ ભવ-[7]સિંધુમાં બૂડતાં,
કલ્પતરુ જેમ [8]થલે [9]અનલ [10] શીતે ।
તપતિ[11] તરસ્યો સુધાપાન જિમ ઉલ્લસે,
તેહથી અધિક તુમ્હ દરિસન પ્રીતે-વિમલ૦...॥૫॥

સિદ્ધ સુખ[12] આશિકા ભ્રાંતિ નિષ્કાશિકા,
જિહાં થકી શિર ધરી આણ તોરી ।
[13]અપર-પરિણતિ ગઈ આપ-પરિણતિ ભઈ,
જ્ઞાન-અનુભવ [14]ક્રિયા દોર [15]જોરી-વિમલ૦...॥૬॥

સહજ-ભક્તિ કરી મુગતિ હોય કર્મની,
તેહનો હેતુ પ્રભુ - પાસસામી ।
કુંવર **અશ્વસેન** નૃપ માત વામાતણો,
પરમ આનંદ-કામ અ-કામી-વિમલ૦...॥૭॥

ચિત્તમાં રાખીયે યોગ્યતા-ગુણ થકી,
દાસને આપનો લેખવીજે
**જ્ઞાનવિમલાદિ**ગુણ સુ-જસ-મહોદય હુવે,
[16]ભેદના [17]ભેદ એકતાન કીજે - વિમલ૦...॥૮॥

---

૧. સાક્ષાત્ ૨. નિયાણાવગરના ૩. પાસે ન આવે ૪. સૂર્ય ૫. વધુ સુગંધવાળું, ૬. આશાવાળો ૭. સમુદ્રમાં ૮. જમીન પર ૯. અગ્નિ ૧૦. ઠંડીમાં ૧૧. ઉનાળામાં ૧૨. ઉત્કંઠા ૧૩. બીજાં દ્રવ્યોની ૧૪. ક્રિયાની દોરી ૧૫. જોડી ૧૬. જુદાઈનો ૧૭. નાશ

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ કેદારો)

પ્રભુ ! મેરે ! કર એસી [1]બક્ષીસ !
દ્વાર દ્વારન પર ના ભટકો, [2]નાઉં કીસહી ન સીસ-પ્રભુ૦॥૧॥
શુધ આતમ-કલા પ્રગટે, ઘટે રાગ અરૂ રીસ ।
[3]મોહ ફાટક ખુલે [4]છીનમે, રમે જ્ઞાન અધીસ- પ્રભુ૦॥૨॥
તુમ અજાઈબ **પાસ** સાહિબ, જગપતિ જગદીશ ।
**ગુણવિલાસ**કી આશ પૂરો, કરો આપ સરીસ - પ્રભુ૦॥૩॥

૧. વરદાન આપો ૨. નમાવું ૩. મોહ કમાડ-ઝાંપો ૪. ક્ષણમાં

## કર્તા : શ્રી જગજીવનજી મ.

વિમલ વરદાયી હે **પારસ** જિન વંદીયે, વંદિત સુરનર બૃંદ ।
કરમ અનાદિ હે [1]દુહ્દ જિણે વશિ કીયા, સાધક શિવ-સુખ-કંદા-
ગુણ સોભાગી હે ! પરમ નિરાગી હે ! પારસ જિન વંદીયે ॥૧॥

અશ્વસેન-[2]કુલાંબર હે, [3]બલાહક ઉમહ્યો, અભય કરણ ભવિસુર ।
[4]સિત-[5]શુભ [6]પ્રમોદ હે, સમીર સોહેં સદા, પાવન ભાવન પુર
-સુગુણ૦ ॥૨॥

[7]ચાપ માધવ હે ગગન તાણ્યો તદા, જોગ ત્રિક શુભ ભક્તિ ભાવ ।
જિન ગુણ સ્તવે હૈ, [8]ઘની [9]ઘન-ગરજના, [10]બાહિર તૃષ્ણા તાપ અભાવ
-સુગુણ૦ ॥૩॥

લેશ્યા શુક્લ હે, સરોવર, પંકજ ધ્યાન શ્રેણિસર-કાદંબ ।
(શ્રિત મુનિસર ગઈ ચઉ મગ હે, બંધે ભવિ ઘર વસ્યા સુમતા સ્ત્રી સંગ રમે પુર.)
સુગુણ ૦ ॥૪॥

માર્ગાનુસારી હૈ શિખંડી હરખિત થયા. પ્રભુ વાણી સુણી ઘન ઘોર ।
દ્વાદશાંગી વહે સ-જલ-ધારા-વહી, ધર્મરુચિ ચિત ભૂમિ જોર-સુગુણ ૦ ॥૫॥

ચાતક મુનિ હે, કરે તવ પારણું, અનુભવ સ્વાદ રસ રંગ ।
અ-શુભાચાર હે [11]નિંદણ તૃણ [12]નીગમ્યા,
[13] વ્રતી-પ્રણમણ બીજ અભંગ-સુગુણ૦ ॥૬॥

[14] પંચ-જામ ધર્મ હે, [15]કરસણ નીપનો, સાધ્ય-ભાવેં નિજ થાય ।
રત્નત્રઇ હે ક્ષાયિક ગુણ ઉપનો, પરમાતમ ભઇટાય-સુગુણ ૦ ॥૭॥

મૂલ સ્વભાવ હે, પ્રબલ[16] શસ્ય સંપનો, આતમ-ઘર સુ-વિશેષ ।
પ્રભુ-ઉપદેશે હે ધારાધરથી થયો, પરમ-સુભિક્ષ મુઝ દેશ-સુગુણ ૦ ॥૮॥

જિન ગુણ લંબી હે જે જિનને ભજેં, દરશણ શુદ્ધ થાયે કામ ।
જ્ઞાન ચરણ હે, વીર્ય પ્રમોદથી, કર્માભાવે વસેં શિવ દામ-સુગુણ ૦ ॥૯॥

**દીવ બંદર** હે, સકલ સંઘ-સુખ કરૂ, રસ-ખ-ગજ-શશિ વર્ષ પ્રમાણ ।
જિન ગુણાલંબી હે, જે જન જિનનેં ભજે, શુભ પૌષ માસેં હે,
**પારસ** જિન ગુણ સ્તવ્યા, ગણિ **જગજીવન** શુભ વાણ-સુગુણ ૦ ॥૧૦॥

---

૧. દુશ્મન ૨. કુલરૂપ આકાશ ૩. બગલા જેવા ૪. નિર્મળ ૫. સારી ૬. પ્રમોદ ભાષા ૭. ઇન્દ્રધનુષ ૮. ખૂબ ૯. મેઘગર્જના ૧૦. બહારના પદાર્થોની તૃષ્ણાના તાપનો અભાવ ૧૧. નીંદવા લાયક ઉખેડવા લાયક નકામા ૧૨. દૂર થયા ૧૩. વિરતિધારીઓને પ્રણામરૂપ સુંદર બીજ ૧૪. પંચ મહાવ્રત ૧૫. ખેતી ૧૬. અનાજ

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ લલિત)

માન તજ મેરે પ્રાણી, બેર બેર કહું વાણી ।
કાહે મૂઢ ભજનકો, આલસ કરે હે - માન૦॥૧॥

ઓર કોઈ નાવે કામ, [1]સગે [2]સયણ [3]દામ [4]ધામ ।
નામ એક પ્રભુજીકે, કામ સબ સરે હે -માન૦॥૨॥

ભવકો ભંજનહાર, સુખકો દેવણહાર ।
તાકું હીયે ધાર, જો તું કરમસેં ડરે હે -માન૦॥૩॥

જય જય જગનાથ, એહી હૈ મુગતિ-સાથ ।
જાકો દરિસણ દેખી, અખીયાં ઠરે હે -માન૦॥૪॥

એસો પ્રભુ કોઈ ઓર, દેખ્યો હે અપર [5]ઠોર ।
જ્ઞાનકો ભંડાર તજી, કહો ભૂલે પરે હે - માન૦॥૫॥

તેવીસમો પ્રભુ **પાસ**, પૂરે હે સકલ આશ ।
કહે **જિનહર્ષ** દાસ, જન્મ દુ:ખ હરે રે - માન૦॥૬॥

---

૧. વહાલા ૨. કુટુંબી ૩. પૈસો ૪. મકાન ૫. જગ્યાએ

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

મેરે સાહિબ તુમહી હો । પ્રભુ **પાસ**-જિણંદા ।
ખિજમતગાર ગરીબ હૂં મૈં તેરા બંદા - મેરે ॥૧॥

મૈં ચકોર કરૂં ચાકરી, જબ તુમહી ચંદા ।
ચક્રવાક પરે હુઇ રહું, જબ તુમહી દિણંદા - મેરે ॥૨॥

મધુકર પરે મૈં રણઝણું, જબ તુમ અરવિંદા ।
ભક્તિ કરૂં ખગપતિ પરે, જબ તુમહી ગોવિંદા - મેરે ॥૩॥

તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મૈં [૧]શિખિ-નંદા ।
તુમ સાયર જબ મૈં તદા, સુર-[૨]સરિતા અ-મંદા-મેરે ॥૪॥

દૂર કરો દાદા **પાસજી** ! ભવ-દુઃખકા ફંદા ।
વાચક જશ કહે દાસકું, દીઓ પરમાનંદા-મેરે ॥૫॥

---

૧. મોર ૨. ગંગા

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

પ્રભુ ! જગજીવન ! જગબંધુ ! રે સાંઈ સયાણો રે ।
તારી મુદ્રાએ મન માન્યું રે, જૂઠ ન જાણો રે - પ્રભુ ૦ ॥૧॥

તું પરમાતમ ! તું પરમેશ્વર ! તું પરબ્રહ્મ-સ્વરૂપી ।
સિદ્ધિ-સાધક ! સિદ્ધાન્ત ! સનાતન !
તું મય-ભાવ-પ્રરૂપી ! રે - સાંઈ ૦ ॥૨॥

તાહરી પ્રભુતા તિહું જગમાંહે, પણ મુજ પ્રભુતા મોટી ।
તુમ સરીખો મારે મહારાજા, તેમાં કાંઈ નવી ખોટી રે - સાંઈ ૦ ॥૩॥

તું નિર્દ્રવ્ય પરમ-પદ-વાસી, હું તો દ્રવ્યનો ભોગી ।
હું નિર્ગુણ ! તું ગુણધારી ! હું કર્મી ! તું અ-ભોગી ! રે - સાંઈ ૦ ॥૪॥

તું તો અરૂપી ! ને હું રૂપી ! હું રાગી ! તું નિરાગી !
તું નિર્વિષ ! હું વિષધારી ! હું સંગ્રહી ! તું ત્યાગી ! રે - સાંઈ ૦ ॥૫॥

તારે રાજ નથી પ્રભુ ! એકે, ચૌદ રાજ છે મારે ।
મારી લીલા આગળ પ્રભુજી ! અધિકું શું છે ત્હારે ? રે - સાંઈ ૦ ॥૬॥

પણ તું મોટો ને હું છોટો, ફોગટ ફૂલે શું થાએ ।
ખમજો એ અપરાધ અમારો, ભક્તિ-વિશે કહેવાએ રે - સાંઈ ૦ ॥૭॥

**શ્રીશંખેશ્વર વામા-નંદન** ! ઉભા ઓલગ કીજે ।
રૂપ-વિબુધનો **મોહન** પભાણે, ચરણોની સેવા પ્રભુ દીજે રે - સાંઈ ૦ ॥૮॥

## કર્તા : શ્રી ખીમાવિજયજી મ.

મોહન ! મુજરો લેજો ! રાજ ! તુમ સેવામાં રહેશું ।
**વામા**-નંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી ।
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઈંદ્રાણી - મોહન ૦ ।।૧।।

ભવ-પટ્ટણ ચિહુંદિશિ ચારે ગતિ, ચોરાશી લાખ ચૌટા ।
ક્રોધ-માન-માયા-લોભાદિક, ચોવટીયા અતિ ખોટા-મોહન ૦ ।।૨।।

**મિથ્યા**-મહેતો **કુમતિ**-પુરોહિત, **મદન**-સેનાની તોરે ।
લાંચ લઈ લખ લોક સંતાપે, **મોહ-કંદર્પ**ને જોરે - મોહન ૦ ।।૩।।

અનાદિ નિગોદના બંદીખાને **તૃષ્ણા** તોપે રખ્યો ।
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંક્યો - મોહન ૦ ।।૪।।

ભવ-સ્થિતિ કર્મ-વિવર લઈ નાઠો, પુણ્ય-ઉદય પણ વાધ્યો ।
સ્થાવર વિકલેંદ્રિયપણું ઓળંગી, પંચેંદ્રિયપણું લાધ્યો-મોહન ૦ ।।૫।।

માનવભવ આરજ કુલ સદ્ગુરુ, વિમલ-બોધ મલ્યો મુજને ।
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને-મોહન ૦ ।।૬।।

**પાટણ** માંહે પરમદયાળુ જગત વિભૂષણ ભેટ્યા ।
સત્તાર બાણું શુભ પરિણામે,
કર્મ કઠિન બલ મેટ્યા-મોહન ૦ ।।૭।।

સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બલ કીધું ।
**ખીમાવિજય**-જિન-ચરણ-પસાયે, રાજ પોતાનું લીધું-મોહન ૦ ।।૮।।

# કર્તા : માનવિજયજી મ.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે। મનમોહના જિનરાયા
સુર-નર-કિન્નર ગુણ ગાયા રે-મનમોહના જિનરાયા ।
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા [1]નીઠી રે - મન ૦ ॥૧॥
મટકાલું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે-મન ૦ ।
સમતા-રસ કેરાં કચોળાં, નયણે દીઠે રંગ-રોળાં રે-મન ૦ ॥૨॥
હાથ ન ધરે હથિયાર, નહિ જપમાળાનો પ્રચાર રે - મન ।
ઉત્સંગે ન ધરે [2]વામા, જેહથી ઉપજે સવિ કામા રે-મન ૦ ॥૩॥
ન કરે ગીત-નૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે-મન ૦ ।
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર [3]જીરણ [4]સાજાં રે-મન ૦ ॥૪॥
ઇમ મૂરતિ તુજ નિસપાધિ, વીતરાગપણે કરી સાધી રે-મન ૦ ।
કહે **માનવિજય** ઉવજ્ઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે-મન ૦ ॥૫॥

૧. દૂર ૨. સ્ત્રી ૩. જૂનાં ૪. નવાં

## કર્તા : શ્રી શુભવીર ગણિ

સાર કર સાર કર સ્વામી **શંખેશ્વરા** । વિશ્વ-વિખ્યાત એકાંત આવો ! ।
જગતના નાથ ! મુજ હાથ ઝાલી કરી
આજ કીમ કાજમાં વાર લાવો - સાર૦ ॥૧॥
હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ-ભંજણો, ઇષ્ટ પરમેષ્ઠી મોહે તું હી સાચો ।
[1]ખલક [2]ખિજમત કરે વિપત્તિ સમે ખિણ[3] ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો - સાર૦ ॥૨॥
યાદવા રણઝણે [4]રામ-[5]કેશવ રણે, [6]મમ લાગી જરા નિંદ સોતી ।
સ્વામી **શંખેશ્વરા** ચરણજળ પામીને,
યાદવોની જરા જાય રોતી-સાર૦ ॥૩॥
આજ જિનરાજ ઉંઘે કિસ્યું આસને, જાગ મહારાજ સેવક-પનોતા ।
સુબુદ્ધિ મળે ટલે દુરિત દોલત હરે ! વીર-હાકે રિપુ-વૃંદ રોતા-સાર ૦ ॥૪॥
દાસ છું જન્મનો પૂરીએ કામના, ધ્યાનથી માસ દસ દોય વીત્યા ।
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા-સાર૦ ॥૫॥
કાળમુખો[7] [8]અશન શીતકાળે [9]વસન,
[10]શ્રમ [11]સુખાસન [12]રણે ઉદક-દાઇ।
સુગુણ નર સાંભરે વિસરે નહિ કદા,
**પાસજી** ! તું સદા છે સખાઇ - સાર ૦ ॥૬॥
માત તું ! તાત તું ! ભ્રાત તું ! દેવ તું ! દેવ દુનિયામાં દૂજો ન વહાલો ।
શ્રી **શુભવીર** જગ જીત ડંકો કરે, નાથજી ! નેક-નયણે નિહાલો-સાર ૦ ॥૭॥

---

૧. દુનિયા ૨. સેવા ૩. જલ્દી ૪. બળદેવ ૫. શ્રીકૃષ્ણ ૬. ઘેરી ૭. દુકાળમાં ૮. ખાવાનું ૯. કપડાં ૧૦. થાક લાગે ત્યારે ૧૧. પાલખી ૧૨. મારવાડના રણમાં ૧૩. પાણી આપનાર.

## કર્તા : શ્રી ક્ષમાવિજયજી મ.

પરમપુરુષ પરમાતમા - સાહેબજી,
પુરિસાદાણી પાસ-હો ! શિવસુખરા ભમરા ! થાંશું વિનતિ સાહેબજી !
અવસર પામી ઓલગું - સા૦, સફલ કરો અરદાસ-હો શિવ! ૦ ॥૧॥

દોય નંદન મોહ-ભૂપના-સા૦ તિણ કર્યો જગ[1]ધંધોલ-હો શિવ ૦ ।
દ્વેષ-કરી રાગ-કેસરી-સા૦, તેહના રાણા સોલ-હો ! શિવ ૦ ।
મિથ્યા મહેતો આગલો - સા૦, કામ કટક સિરદાર - હો! શિવ૦ ।
[2]ત્રણ રૂપ ધરી તેહ રમે - સા૦, હાસ્યાદિક પરિવાર-હો ! શિવ ॥૩॥

મોહ મહીપના જોરથી-સા૦, જગ સઘલો થયો-[3]જેર-હો ! શિવ ૦
હરિ-હર-સુર-નર સહુ નમ્યા-સા૦, ઝકડી કર્મની ઘેર-હો ! શિવ ૦ ॥૪॥

ભવથિતિ ચઉગતિ ચોકમાં-સા૦, લોક કરે પોકાર હો ! શિવ ૦
આપ ઉદાસી હુઇ રહ્યા-સા૦, ઇમ કિમ રહશ્યે [4]કાર-હો ! શિવ ૦ ॥૫॥

ક્ષપક શ્રેણિની ગજઘટા-સા ૦, [5]હલકારો અરિહંત-હો ! શિવ ૦ ।
નાણ ખડગ મુજ કર દીયો-સા૦, ક્ષણમાં કરું અરિ અંત-હો ! શિવ ૦ ॥૬॥

કરુણા નયણ-કટાક્ષથી-સા૦, રિપુદલ થાયે વિસરાલ-હો ! શિવ ૦ ।
**ક્ષમાવિજય જિન** સંપદા-સા ૦, પ્રગટે ઝાક-ઝમાલ-હો ! શિવ ૦ ॥૭॥

---

૧. તોફાન ૨. ત્રણવેદ ૩. દુઃખી ૪. મર્યાદા ૫. આગળ વધારો

## કર્તા : શ્રી શુભવીર ગણિ

### (જિણંદ રાય રે - એ દેશી)

આજ **શંખેશ્વર**-જિન ભેટીએ, ભેટતાં ભવ-દુઃખ-નાશ-સાહિબ મોરા રે !
જયો **અશ્વસેન** કુલ ચંદ્રમા, માતા **વામા**-સુત **પાસ**-સાહિબ ૦ આજ ૦ ॥૧॥
ભક્ત-વત્સલ જન-ભયહરૂ, હસતાં હણીયા ખટ હાસ્ય-સા૦।
દાનાદિક પાંચને દુહવ્યા, ફરી નાવે **પાસ**ની પાસ-સાહિબ ૦ આજ ૦ ॥૨॥
કરી કામને કારમી કમકમી, મિથ્યાત્વને ન દીઉં માન-સાહિબ ૦ ।
અવિરતિને રતિ નહિ એક ઘડી, અ-ગુણી[1] અલગું અજ્ઞાન-સા૦આ૦ ॥૩॥
નિંદક નિદ્રાને નાશવી, મૃત-રાગને રોગ અ-પાર રે-સાહિબ ૦ ।
એક ધક્કે દ્વેષને ઢોલિયો, એમ નાઠા દોષ અઢાર-સાહિબ ૦ આજ ૦ ॥૪॥
વલી મત્સર મોહ મમત ગયો, અરિહા નિરીહા નિરદોષ-સાહિબ ૦ ।
**ધરણેન્દ્ર કમઠ** સુર બિંહુ પરે, તલ[2]-માત્ર નહિ[3] તોસ[4]-રોસ-સા૦આજ૦ ॥૫॥
અચરિજ સુણજો એક તેણે સમે, શત્રુને સમકિત દાય રે - સાહિબ ૦ ।
ચંદન પારસ ગુણ અતિ ઘણા, અક્ષર થોડે ન કહાય-સાહિબ ૦ આજ૦ ॥૬॥
જાગરણ દશા ઉપર ચઢયા, ઉજાગરણ વીતરાગ-સાહિબ ૦ ।
આલંબન ઘટતાં પ્રભુ તણું, પ્રભુના સેવક સૌભાગ્ય-સાહિબ૦ આજ ૦ ॥૭॥
ઉપાદાન-કારણ કારજ સીધે, અ-સાધારણ કારણ નિત્ય-સાહિબ ૦ ।
જો અપેક્ષા-કારણ ભવિ લેહ, ફલ કારણ નિમિત્ત-સાહિબ૦ આજ ૦ ॥૮॥
પ્રભુ ત્રાયક સાર્થકતા ધરી, દાયક નાયક-ગંભીર-સાહિબ ।
નિજ સેવક જાણી નિવાજિએ, તુમ ચરણે નમે **શુભવીર**-સાહિબ-આજ૦ ॥૯॥

૧. ખરાબ ૨. જરાપણ ૩. રાગ ૪. દ્વેષ

## કર્તા શ્રી પદ્મવિજયજી મ.

### (રાગ-પ્રથમ જિનેશ્વર પ્રણમીએ)

**પરમાતમ** પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ ।
જગ-બંધવ જગ-ભાણ, બલિહારી તુમતણી
ભવ-જલધિમાં રે જહાજ-પરમાતમ૦...॥૧॥
તારક વારક મોહનો, ધારક નિજ-ગુણ-ઋદ્ધિ ।
અતિશયવંત ભદંત રૂપાળી શિવવધૂ,
પરણ લહી નિજ સિદ્ધિ-પરમાતમ૦...॥૨॥
દર્શન-જ્ઞાન અનંત છે, વળી તુજ ચરણ અનંત ।
એમ દાનાદિ અનંત ક્ષાયિક-ભાવે થયા,
ગુણ તે અનંતા - અનંત - પરમાતમ૦...॥૩॥
બત્રીશ વર્ણ સમાય છે, એક જ શ્લોક મોઝાર ।
એક જ વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં,
કેમ કરી થુણીએ ઉદાર ? પરમાતમ૦...॥૪॥
તુજ ગુણ કોણ ગણી શકે ? જો પણ કેવળ હોય ।
આવિર્ભાવે તુજ સયલ ગુણ માહરે,
પ્રચ્છન્ન-ભાવથી જોય પરમાતમ૦...॥૫॥
શ્રી પંચાસરા-પાર્શ્વજી ! અરજ કરૂં એક તુજ !
આવિર્ભાવથી થાય દયાલ ! કૃપાનિધિ,
કરૂણા કીજેજી મુજ-પરમાતમ૦...॥૬॥
શ્રી **જિન-ઉત્તમ** તાહરી, આશા અધિકી મહારાજ ।
**પદ્મવિજય** કહે એમ, લહું શિવનગરીનું,
અ-ક્ષય અ-વિચળ રાજ-પરમાતમ૦...॥૭॥

**શ્રી ચિંતામણિ-પાર્શ્વજી** ! વાત સુણો એક મોરી રે ।
મહારા મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે - શ્રી ০ ॥૧॥
મારી ખિજમતમાં ખામી નહિ, તાહરે ખોટ ન કાંઈ ખજાને રે ।
હવે દેવાની શી ઢીલ છે ? કહેવું તે કહીયે છાને રે ? શ્રી ০ ॥૨॥
તે [૧]ઉરણ સવી પૃથ્વી કરી રે, ધન વરસી વરસી-દાને ।
માહરી વેળા શું એહવા, દીઓ વાંછિત વાળો વાન રે-શ્રી ০ ॥૩॥
હું તો કેડ ન છોડું તાહરી રે, આપ્યા વિણ શિવ-સુખ સ્વામી ! રે ।
મૂરખ તે ઓછે માનશે, ચિંતામણી કરાયલ પામી રે - શ્રી ০ ॥૪॥
મત કહેશો તુજ કર્મે નથી રે, કર્મે છે તો તું પામ્યો રે ।
મુજ સરીખા કીધા મોટકા, કહો તિણે કાંઈ તુજ [૨]ધામ્યો રે - શ્રી ০ ॥૫॥
કાલ સ્વભાવ ભવિતવ્યતા રે, તે સઘળા તારા દાસો રે ।
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સ-બલ વિશ્વાસો રે-શ્રી ০ ॥૬॥
અમે ભક્તે મુક્તિને ખેંચશું રે, જિમ લોહને ચમક પાષાણો રે ।
તુમ્હે હેજે હસીને દેખશો, કહેશો સેવક છે સપરાણો[૩] રે-શ્રી ০ ॥૭॥
ભક્તિ આરાધ્યા ફલ દીએ રે, ચિંતામણી પણ પાષાણો રે ।
વળી અધિકું કાંઈ કહાવશો, એ ભદ્રક-ભક્તિ તે જાણો રે - શ્રી ০ ॥૮॥
બાળક તે જિમ-તિમ બોલતો રે, કરે લાડ તાતને આગે રે ।
તે તેહશું વંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે - શ્રી ০ ॥૯॥
મારે બનનારૂં તે બન્યું જ છે રે, હું તો લોકને વાત શીખાવું રે ।
વાચક જશ કહે સાહિબા ! એ રીતે પ્રભુ ગુણ ગાવું રે - શ્રી ০ ॥૧૦॥

૧. અનૃણ = દેવા વગરની ૨. લાંચ આપી ૩. ચતુર

## કર્તા : ઉદયરત્નવિજયજી મ.

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે !

તારી આંખડીયે મન મોહ્યું રે, જાઉં બલિહારી રે !!!

ત્રણ ભુવનનું તત્ત્વ લઈને, નિર્મલ તું હી નિપાયો રે ।

જગ સઘળું નિરખીને જોતાં, તાહરી હોડે કો નહિ આયો રે-લાગે ૦ ॥૧॥

ત્રિભુવન-તિલક સમોવડ તાહરી, સુંદર સૂરતિ દીસે રે ।

કોટિ કંદર્પ સમ રૂપ નિહાળી, સુર-નરનાં મન હી સે રે-લાગે ૦ ॥૨॥

જ્યોતિ સ્વરૂપી તું જિન દીઠો, તેહને ન ગમે બીજું કાંઈ રે ।

જિહાં જઈએ ત્યાં પૂરણ સઘલે, દીસે તુંહીજ તુંહી રે-લાગે ૦ ॥૩॥

તુજ મુખ જોવાને રઢ લાગી, તેહને ન ગમે ઘરનો ધંધો રે ।

આળ પંપાળ સવિ અલગી મૂકી, તુજશું માંડ્યો પ્રતિબંધો રે-લાગે ૦ ॥૪॥

ભવ-સાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ **પાસ**નો પામ્યો આરો રે ।

ઉદયરતન કહે બાંહ ગ્રહીને, સેવક પાર ઉતારો રે - લાગે ૦ ॥૫॥

# કર્તા : શ્રી આનંદઘનજી મ.

## (શાન્તિ જિન એક મુજ વિનતિ-એ દેશી)

પાસ જિન ! તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે ?
તુઝ મુજ સત્તા-એકતા, અ-ચલ વિ-મલ અ-કલ જોય રે - - પાસ ૦ ૧

મુઝ પ્રવચન-પક્ષથી, નિશ્ચય ભેદ ન કોય રે ।
વ્યવહારે લખી દેખીએ, ભેદ-પ્રતિભેદ બહુ લોય રે - પાસ ૦ ૨

બંધન મોક્ષ નહિ નિશ્ચયે, વ્યવહારે ભજ દોય રે ।
અ-ખંડિત અ-બાધિત સોય કદા, નિજ અ-બાધિત સોય રે - પાસ ૦ ૩

અન્વય-હેતુ-વ્યતિરેકથી, અંતરે તુઝ મુઝ રૂપ રે ।
અંતર મેટવા કારણે, આત્મ-સ્વરૂપ અનૂપ રે - પાસ ૦ ૪

આતમતા પરમાત્મતા, શુદ્ધ નય ભેદ ન એક રે ।
અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે - પાસ ૦ ૫

ધરમી-ધરમથી એકતા, તેહ મુજ રૂપ-અ-ભેદ રે ।
એક-સત્તા લખ એકતા, કહે તે મૂઢ મતિ ખેદ રે-પાસ ૦ ૬

આતમ-ધરમ અનુસરી, રમે જે આતમ રામ રે ।
**આનંદઘન** પદવી લહે, પરમ-આતમ તસ નામ રે - પાસ ૦ ૭

## કર્તા : શ્રી ઉપા. યશોવિજયજી મ.

### (સાહિબ ! વાસુપૂજ્ય જિણંદા-એ દેશી)

સૂરજમંડન-પાસ-જિણંદા, અરજ સુનો ટાલો દુઃખદંદા ।
સાહિબા ! રંગીલા રે હમારા મોહના રે-જીવના રે ।
તું સાહિબા ! હું છું તુજ-બંદા ! પ્રીતિ બની જિઉં કૈરવ-ચંદા-સાહિબા૦॥૨॥
તુઝસ્યૂં નેહ નહીં મુઝ કાચો, [1]ઘણહી ન ભાજઇં હીરો જાચો-સાહિબા૦॥૩॥
દેતાં દાન તે કાંઈ વિમાસો, લાગઇં મુઝ મનિ એહ તમાસો-સાહિબા૦॥૪॥
કેડિ લાગો તે કેડિ ન છોડઇં, દિઓ વંછિત સેવક કર જોડઇ-સાહિબા૦॥૫॥
અ-ખય ખજાનો તુઝ નવિ ખૂટઇ, હાથ થકી તો સ્યૂં નવિ છૂટઇં ?-સાહિબા૦॥૬॥
જો ખિજમતમાં ખામી દાખો, તો પણિ નિજ જાણી હિત રાખો ! -સાહિબા૦॥૭॥
ધેનુ કૂપ આરામ સ્વભાવે, દેતાં દેતાં સંપત્તિ પાવઇં-સાહિબા૦॥૮॥
તિમ મુઝનઇં તુમ્હે જો ગુણ દેસ્યો, તો જગમાં યશ અધિક વહેસ્યો. -સાહિબા૦॥૯॥
અધિકું ઓછું કિસ્યૂં રે કહાવો ? જિમ તિમ સેવક-ચિત્ત મનાવો -સાહિબા૦॥૧૦॥
માગ્યા વિના તો માઇ ન પીરસે, એ ઉખાણો સાચો દીસઇ-સાહિબા૦॥૧૧॥
ઇમ જાણી રે વીનતિ કીજઇં, મોહનગારા ! મુજરા લીજઇ-સાહિબા૦॥૧૨॥
વાચક જશ કહેં ખમીય આસંગો, દિઓ શિવ-સુખ ધરિ અ-વિહડ રંગો -સાહિબા૦॥૧૩॥

---

૧. ઘણ = લોખંડના મોટા હથોડાથી ઝીણો હીરો ન તુટે. ત્રીજી ગાથાની બીજી લીટીનો અર્થ.

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

**(કહણી કરણી તુજ વિણુ સાચો કોઈ ન દેખ્યો જોગી-એ દેશી)**

**પાસ**-પ્રભુ પ્રણમું સિર નામી, આતમ-ગુણ અભિરામી રે ।
પરમાનંદે પ્રભુતા પામી, કામિતદાઇ અ-કામી રે-પાસ ૦ ॥૧॥

ચોવિશમાં થેં તેવીસા, દૂરી કર્યા તેવીસા રે ।
ટાળ્યા જેણે ગતિ-થિતિ ચોવિશા, આયુ ચતુષ્ક પણવીસા રે-પાસ ૦ ॥૨॥

લોહ કુધાતુ કરે જે કંચન, તે પારસ પાષાણો રે ।
નિર્વિવેક-પણિ તુમચે નામે, એ મહિમા સુપ્રમાણો રે-પાસ ॥૩॥

ભાવે ભાવ-નિક્ષેપે મિલતા, ભેદ રહે કિમ જાણો રે ।
તાને તાન મિલે શ્યો અંતર ? એહવો લોક-ઉખાણો રે-પાસ ૦ ॥૪॥

પરમ-સરૂપી પરમ-રસસું, અનુભવ-પ્રીતિ લગાઇ રે ।
દોષ ટળે હોય દૃષ્ટિ સુનિર્મલ, અનુપમ એહ ભલાઈ રે-પાસ ૦ ॥૫॥

કુમતિ-ઉપાધિ કુધાતુને તજીએ, નિરૂપાધિક ગુણ ભજીએ રે ।
સોપાધિક-સુખ-દુઃખ પરમારથ, તેહ લહે નવી રંજીએ રે-પાસ ૦ ॥૬॥

જે પારસથી કંચન જાચું, તેહ કુધાતુ ન હોવે રે ।
તેલ અનુભવ-રસ-ભાવે ભેદ્યો, શુદ્ધ-સરૂપે જુવે રે-પાસ ૦ ॥૭॥

**વામા**-નંદન ચન્દન-શીતલ, દર્શન જાસ વિભાસે રે ।
**જ્ઞાનવિમલ** પ્રભુતા ગુણ વાધે, પરમાનન્દ વિલાસે રે-પાસ ૦ ॥૮॥

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

જય જય જય જય પાસ - જિણંદ ! **અંતરીક્ષ** પ્રભુ ! ત્રિભુવન-તારન,
ભવિક - કમલ - ઉલ્લાસ - દિણંદ - જય ૦ ||૧||

તેરે ચરન શરન મેં કીને, તુમ બિનુ કુણ તોરે ભવ-ફંદ ?
પરમ-પુરુષ પરમારથ-દર્શી, તું દિયે ભવિકકું પરમાનંદ-જય ૦ ||૨||

તું નાયક તું શિવ-સુખ-દાયક, તું હિત-ચિંતક તું સુખ-કંદ ।
તું જન-રંજન તું ભવ - ભંજન, તું કેવલ-કમલા-ગોવિંદ-જય ૦ ||૩||

કોડિ દેવ મિલકે કર ન શકે, એક અંગુઠ રૂપે [૧]પ્રતિછંદ ।
એસો અદ્‌ભુત રૂપ તિહારો, વરસત માનું અમૃતકો બુંદ-જય ૦ ||૪||

મેરે મન મધુકરકે મોહન, તુમ હો ! વિમલ-સ-દલ અરવિંદ ।
નયન-ચકોર વિલાસ કરતું હે, દેખત તુમ મુખ પુરન-ચંદ-જય જય ૦ ||૫||

દૂર જાવે પ્રભુ ! તુમ દરિશનતેં, દુઃખ-દોહગ-દાલિદ્ર-અઘ-દંદ ।
વાચક જશ કહે સહસ ફલતેં તુમ હો, જે બોલે તુમ ગુનકે વૃંદ-જય ૦ ||૬||

---

૧. નકલ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (રાગ ધમાલ)

ચિદાનંદ-ઘન પરમ-નિરંજન, જન-મન-રંજન દેવ-લલના ?
વામા-નંદન જિનપતિ થુણીએ, સુરપતિ જસ કરે સેવ,
મનમોહન જિનજી ભેટીએ હો।
-અહો મેરે લલના ! મેટીએ પાપકો પૂર-મન૦॥૧॥

કેસર ઘોળી ઘસી ઘનચંદન, આનંદન ઘનસાર-લલના ।
પ્રભુજીકી પૂજા કરી મન-રંગે, પાઈએ પુણ્ય અપાર-મન ૦ ॥૨॥

જાઈ જૂઈ ચંપક કેતકી, દમણો ને મચકુંદ-લલના ।
કુંદ પિયંગુ રૂચિ સુંદર જોડી, પૂજીએ પાસ-જિણંદ-મન ૦ ॥૩॥

અંગી ચંગી અંગ બનાઈ, અલંકાર અતિસાર-લલના ।
દ્રવ્યસ્તવ વિધિ પૂરણ વિરચી, ભાવીએ ભાવ-ઉદાર-મન ૦ ॥૪॥

પરમાતમ પૂરણ ગુણ પરતક્ષ, પુરુષોત્તમ પરધાન-લલના ।
પ્રગટ-પરભાવ પ્રભાવતી-વલ્લભ, તું જયો સુગુણ-નિધાન-મન ૦ ॥૫॥

જો તુજ ભક્તિ મયૂરી મુજ મન, વન વિચરે અતિ ચિત્ત-લલના ।
દુરિત-ભુજંગમ બંધન ત્રૂટે, તું સઘલો જગ-મિત્ત-મન ૦ ॥૬॥

તુજ આણા સુરવેલી મુજ મન, નંદન વન જિહાં રૂઢ-લલના ।
કુમતિ-કદાગ્રહ કંટક-શાખી, સંભવે તિહાં નહી ગૂઢ-મન ૦ ॥૭॥

ભક્તિરાગ તુજ આણા-આરાધન, દોય ચક્ર-સંસાર- લલના ૦ ।
સહસ અઢાર સીલાંગરથ ચાલે, વિઘન-રહિત શિવ-દુવાર-મન ૦ ॥૮॥

ગુરુ ઉપદેશે જો મુજ લાગ્યો, તુજ શાસન કો રાગ-લલના ।
મહાનંદ પદ ખેંચ લીએંગો, જ્યું, અલિ કુસુમ-પરાગ-મન ૦ ॥૯॥

બાહિર મન નિકસત નાંહિ ચાહત, તુજ શાસનમેં લીન-લલના ।
ઉમગ-નિમગ કરી નિજપદ રહેવે, જ્યું જલનિધિ માંહી મૌન-મન ૦॥૧૦॥

મુજ તુજ શાસન-અનુભવકો રસ, ક્યું કરી જાણે લોગ ? -લલના ।
અ-પરિણીત-કન્યા નવિ જાણે, જ્યું સુખ દયિત-સંયોગ-મન૦ ॥૧૧॥

ઓરનકી ગણના નાહિ પાઉં, જો તું સાહિબ એક-લલના ।
ફલે વાસના દૃઢ નિજ-મનકી, જો અ-વિચલ હોય ટેક-મન ૦ ॥૧૨॥

તું સાહિબ હું સેવક તેરો, એ વ્યવહાર-વિભાગ-લલના ।
નિશ્ચય-નય-મત દોનું બિચે, હોય નહિ ભેદકો લાગ-મન ૦ ॥૧૩॥

મન-વચનાદિ-પુદ્ગલ ન્યારા, નાસે સકળ-વિભાવ-લલના ।
શુદ્ધ-દ્રવ્ય ગુણ-પર્યાય-ઘટના, તુજ-સમ શુદ્ધ સ્વભાવ-મન ૦ ॥૧૪॥

તું ઘટ-અંતર પ્રગટ વિરાજે, જ્યું, નિર્મલ ગુણ-કાંત-લલના ।
બાહિર-ઢૂંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ-મન-ભ્રાંત-મન ૦ ॥૧૫॥

ગુણઠાણાદિક-ભાવે મિશ્રિત, સબમેં હૈ તુજ અંશ-લલના ।
ખીર-નીર જ્યૂં ભિન્ન કરત હૈ, ઉજવલ-અનુભવ-હંસ-મન ૦ ॥૧૬॥

આતમજ્ઞાન-દશા જસ-જાગી, વૈરાગી તુજ-જ્ઞાન-લલના ।
સો પાવે જ્યું રતન પરીક્ષા, પરખત રતન પ્રધાન-મન ૦ ॥૧૭॥

પુણ્ય-પ્રગટ દેવનકો લચ્છન, મૂઢ લહે નાંહિ ધર્મ-લલના ।
જ્યું પિયરાકું કંચન માને, લહે નાંહિ અંતર-મર્મ-મન ૦ ॥૧૮॥

ગંધ-રૂપ-રસ-ફરસ-વિવર્જિત, ન ધરત હૈ સંઠાણ-લલના ।
અન-અવતાર અ-શરીર-અવેદી, તું પ્રભુ ! સિદ્ધ-પ્રમાણ-મન ૦ ॥૧૯॥

કેવલજ્ઞાન-દશા અવલોકી, લોકાલોક-પ્રમાણ-લલના ।
દર્શન-વીર્ય-ચરણ ગુણધારી, શાશ્વતા સુખ-અહિઠાણ-મન ૦ ॥૨૦॥

સત્તા શુદ્ધ અ-રૂપી તેરી, નહિ જગકો વ્યવહાર-લલના ।
કા કહીએ ? કુછ કહ્યો ન જાએ, તું પ્રભુ ! અ-લખ અ-પાર-મન ૦ ॥૨૧॥

દીપ-ચંદ્ર-રવિ-ગ્રહ-ગણ, કેરો, જિહાં પસરત નાંહિ તેજ-લલના ।
તિહાં એક તુજ ધામ વિરાજે, નિર્મલ ચેતના સેજ-મન ૦ ॥૨૨॥

શુદ્ધ-પ્રકૃતિ અક્ષયી, અ-માયી, તું પ્રભુ ! બહુ ગુણવંત-મન ૦ ॥૨૩॥

તું માતા ! તું ત્રાતા ! ભ્રાતા, પિતા બંધુ તું મિત્ત-લલના ।
શરણ તુંહી તુજ સેવા કીજે, રૂઢ કરી એક જ ચિત્ત-મન ૦ ॥૨૪॥

પાસ આશ પુરો અબ મેરી, અરજ એક અવધાર-લલના ।
શ્રીનયવિજય-વિબુધ-પાય સેવક, જશ કહે ભવ-જલ તાર-મન ૦ ॥૨૫॥

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(શાલિભદ્ર ભોગી રહ્યો - એ દેશી)

પૂજા વિધિ માંહે ભાવિયેજી, અંતરંગ જે ભાવ ।
તે સવિ તુઝ આગલ કહુંજી, સાહેબ ! સરલ-સ્વભાવ-
-સુહંકર ! અવધારો પ્રભુ પાસ!।।૧।।

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુ-ગુણ જલ મુખ-શુદ્ધ ।
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો ! મુઝ નિર્મલ બુદ્ધ-સુહંકર ૦ ।।૨।।

જતનાયે સ્નાન કરીજીએજી, કાઢો મેલ મિથ્યાત ।
અંગુછો અંગ શોષવીજી, જાણું હું અવદાત-સુહંકર ૦ ! ।।૩।।

ક્ષીરોદકનાં ધોતિયાંજી, ચિંતવો ચિત્ત-સંતોષ ।
અષ્ટકર્મ સંવર ભલોજી, આઠ પડો મુહકોષ-સુહંકર ૦ ।।૪।।

ઓરસીયો એકાગ્રતાજી, કેસર ભક્તિ કલ્લોલ ।
શ્રદ્ધા ચંદન ચિંતવોજી, ધ્યાન ઘોલ રંગરોલ-સુહંકર ૦ ।।૫।।

ભાલ વહું આણા ભલીજી, તિલક તણો તેહ ભાવ ।
જે આભરણ ઉતારીયેંજી, તે ઉતારો પરભાવ-સુહંકર ૦ ।।૬।।

જે નિર્માલ્ય ઉતારીયેજી, તે તો ચિત્ત ઉપાધિ ।
પખાલ કરતાં ચિંતવોજી, નિર્મલ ચિત્ત-સમાધિ-સુહંકર ૦ ।।૭।।

અંગ લૂહણાં બે ધર્મનાજી, આત્મ-સ્વભાવ જે અંગ ।
જે આભરણ પહેરાવીએજી, તે સ્વભાવ નિજ ચંગ-સુહંકર ૦ ।।૮।।

જે નવ-વાડ વિશુદ્ધતાજી, તે પૂજા નવ-અંગ ।
પંચાચાર-વિશુદ્ધતાજી, તેહ ફૂલ પંચરંગ-સુહંકર ૦ ॥૯॥

દીવો કરતાં ચિંતવોજી, જ્ઞાન-દીપક સુ-પ્રકાશ ।
નય-ચિંતા ઘૃત પૂરિયુંજી, તત્ત્વ-પાત્ર સુવિલાસ-સુહંકર ૦ ॥૧૦॥

ધૂપ રૂપ અતિ કાર્યતાજી, કૃષ્ણા-ગરૂનો જોગ ।
શુદ્ધ-વાસના મહમહેજી, તે તો અનુભવ-યોગ-સુહંકર ૦ ॥૧૧॥

મદ સ્થાનક અડ છાંડવાજી, તેહ અષ્ટ-મંગલિક ।
જે નૈવેદ્ય નિવેદીયેંજી, તે મન નિશ્ચલ-ટેક-સુહંકર ૦ ॥૧૨॥

લવણ ઉતારી ભાવીએજી, કૃત્રિમ ધર્મનો રે ત્યાગ ।
મંગલ દીવો અતિ ભલોજી, શુદ્ધ-ધર્મ પરભાગ-સુહંકર ૦ ॥૧૩॥

ગીત-નૃત્ય વાજિંત્રનોજી, નાદ અનાહત સાર ।
શમ-રતિ રમણી જે કરીજી, તે સાચો થેઈકાર-સુહંકર ૦ ॥૧૪॥

ભાવ પૂજા એમ સાચવીજ, સત્ય બજાઓ રે ઘંટ ।
ત્રિભુવન માંહે તે વિસ્તરેજી, ટાલે કર્મનો કંટ-સુહંકર ૦ ॥૧૫॥

એણી પરે ભાવના ભાવતાજી, સાહેબ જસ-સુપ્રસન્ન ।
જનમ સફલ જગ તેહનોજી, તેહ પુરુષ ધન્ન ધન્ન-સુહંકર ૦ ॥૧૬॥

પરમ-પુરૂષ પ્રભુ શામલાજી, માનો એ મુજ સેવ ।
દૂર કરો ભવ આમલાજી, વાચક જશ કહે દેવ-સુહંકર ૦ ॥૧૭॥

(પૂ. ઉપાધ્યાયજીનું 'ભાવપૂજાષ્ટક' તેમની પ્રસિદ્ધ કૃતિ 'જ્ઞાનસાર'માંથી અત્ર સાર્થ આપવામાં આવે છે, તેની સાથે આ સ્તવન સરખાવો)

दयांभसा कृतस्नानः संतोष-शुभवस्त्रभृत् ।
विवेक-तिलक-भ्राजी, भावना-पावनाशयः....॥१॥

भक्ति श्रद्धान-घुसृणो-न्मिश्र-कश्मीरजद्रवैः ।
नव-ब्रह्मांगतो देवं, शुद्धमात्मानर्चय....॥२॥

क्षमा-पुष्पस्रजं धर्म-युग्मक्षौमद्वयं तथा ।
ध्यानाभरणसारं च तदंगे विनिवेशय....॥३॥

मदस्थान-भिदात्यागै-र्लिखाग्रे चाष्टमंगलीं ।
ज्ञानाग्नौ शुभसंकल्प-काकतुंडं च धूपय....॥४॥

प्राग्धर्मलवणोत्तारं, धर्मसंन्यास-वह्निना ।
कुर्वन् पूरय सामर्थ्य-राजन्नीराजनाविधिम्....॥५॥

स्फुरन्मंगलदीपं च, स्थापयानुभवं पुरः ।
योगनृत्यपर-स्तौर्य-त्रिक-संयमवान् भव....॥६॥

उल्लसन्मनसः सत्य-घंटां वादयतस्तव ।
भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः....॥७॥

द्रव्यपूजोचिता भेदो-पासना गृहमेधिनां ।
भावपूजा तु साधूना-मभेदोपासनात्मिका....॥८॥

# ભાવપૂજા અષ્ટકનો ભાવાર્થ

દયારૂપી જલથી જેણે સ્નાન કર્યું છે, સંતોષરૂપી શુભ વસ્ત્રો જેણે ધારણ કર્યાં છે, વિવેકરૂપી તિલકથી જે શોભે છે, ભાવનાએ કરીને જેનો આશય પવિત્ર છે, એવા તમે ભક્તિ અને શ્રદ્ધારૂપી કેશરથી મિશ્રિત ચંદને કરીને નવ બ્રહ્માંગે શુદ્ધાત્મારૂપ દેવની પૂજા કરો. ૧-૨

ક્ષમારૂપી પુષ્પોનો હાર, (દેશવિરતિ અને સર્વ વિરતિ) બે ધર્મરૂપી બે વસ્ત્રો અને ધ્યાનરૂપી શ્રેષ્ઠ આભરણ તે પ્રભુના અંગે સ્થાપો. ૩

મદ સ્થાનના (આઠ પ્રકારોના) ત્યાગે કરીને તે દેવની સમક્ષ આઠ મંગલ રચો અને જ્ઞાનાગ્નિને વિષે શુભ સંકલ્પ રૂપ કૃષ્ણાગરૂનો ધૂપ કરો. ૪

ધર્મ સંન્યાસરૂપી અગ્નિએ કરીને પૂર્વધર્મોના ત્યાગરૂપે લવણોત્તાર કરીને સામર્થ્ય-યોગ વડે શોભતી આરતીની વિધિ કરો. ૫

અનુભવરૂપી સ્ફુરતો મંગલદીપ તે દેવની આગળ સ્થાપો, યોગરૂપી નૃત્યને વિષે તત્પર થાઓ અને ત્રણ તૌર્ય (ઇંદ્રિય, યોગ અને કષાયના નિગ્રહરૂપ) વાદ્ય ધ્વનિઓ રૂપ સંયમવાળા થાઓ. ૬

આ પ્રમાણે ભાવપૂજાને વિષે તત્પર, ઉલ્લાસયુક્ત મનવાળા અને સત્ય ઘંટાનાદ કરનારાઓનો મહોદય હાથની હથેળીમાં છે. ૭

ભેદરૂપે આરાધનારૂપ દ્રવ્યપૂજા ગૃહસ્થોને ઉચિત છે અને અભિન્ન આરાધના સ્વરૂપ ભાવપૂજા સાધુઓને ઉચિત છે. ૮

# શ્રી પાર્શ્વનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

પાસજિણંદા વામાનંદા જબ ગરભે ફલી,
સુપના દેખે અર્થ વિશેષે કહે મઘવા[1] મલી;
જિનવર જાયા સુર હુલરાયા હુઆ રમણી પ્રિયે,
નેમી રાજી[2] ચિત વિરાજી વિલોકિત વ્રત લિયે ॥૧॥

વીર એકાકી ચાર હજારે દીક્ષા ધુર જિનપતિ,
પાસ ને મલ્લિ ત્રયશત સાથે બીજા સહસે વ્રતી;
ષટ્શત સાથે સંજમ ધરતા વાસુપૂજ્ય જગધણી,
અનોપમ લીલા જ્ઞાન રસીલા દેજો મુજને ધણી ॥૨॥

જિન મુખ દીઠી વાણી મીઠી સુરતરૂ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઇ વનવાસે પીલે રસ શેલડી;
સાકર સેતિ તરણા લેતી મુખે પશુ ચાટતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું સુરવધુ ગાવતી ॥૩॥

ગજ મુખ દક્ષો વામન જક્ષો મસ્તકે ફણાવલી,
ચ્યાર તે બાંહી કછપવાહી[3] કાયા જસ શામલી ॥
ચૌકર પ્રૌઢા નાગારૂઢા દેવી પદ્માવતી,
સોવનકાંતિ પ્રભુ ગુણ ગાતી વીર ઘેર આવતી ॥૪॥

---

૧. ઇન્દ્ર ૨. નેમિનાથ રાજિમતિના ચિત્ર ૩. કાચબો

## શ્રી નયવિમલ કૃત થોય (ચાર થોય)


શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ નરભવનો લાહો લીજીએ
મનવાંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ....૧
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળાં જિનવર ગુણ નીલા
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા....૨
આગમ તે જિનવર ભાખિયો, ગણધર તે હઈડે રાખિયો
તેહનો રસ જેણે ચાખિયો, તે હુવો શિવસુખ સાખિયો....૩
ધરણેન્દ્રરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી
સહુ સંઘના સંકટ ચૂરતી, **નયવિમલ** ના વાંછિત પૂરતી....૪

## શ્રી પદ્મવિજયજી કૃત સ્તુતિ

શ્રી પાસજિણંદા, મુખ પુનમ ચંદા ।। પદ યુગ અરવિંદા,સેવે ચોસઠ ઇંદા ।
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા । સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા..।।૧।।
જનમથી વર ચાર, કર્મ નાસે ઇગ્યાર । ઓગણીશ નિરધાર, દેવ કીધા ઉદાર ।
સવિ ચોત્રીશ ધાર, પુન્યના એ પ્રકાર । નમિયે નરનાર, જેમ સંસાર પાર..।।૨।।
એકાદશ અંગા, તિમ બારે ઉવંગા । ષટ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા ।
દશ પયન્ના સુસંગા, સાંભળો થઈ એકંગા । અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા..।।૩।।
પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો । અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો ।
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો । કહે **પદ્મ** નિકાસો[1] વિઘ્નનાં વૃંદ પાસો..।।૪।।

---

૧. દૂર ટાળો



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી પાર્શ્વનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : અશ્વસેન | માતાનું નામ | : વામા દેવી |
| જન્મ સ્થળ | : વાણારસી | જન્મ નક્ષત્ર | : વીશાખા |
| જન્મ રાશી | : તુલા | આયુનું પ્રમાણ | : ૧૦૦ વર્ષ |
| શરીરનું માપ | : નવ હાથ | શરીરનું વર્ણ | : નીલવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૩૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૮૪ દિવસ | દીક્ષા વૃક્ષ | : ઘાતકીવૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૦ | જ્ઞાન નગરી | : વાણારસી |
| સાધુઓની સંખ્યા | : ૧૬૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૩૮૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : | | : ૩૩૯૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : | | : પદ્માવતી |
| પ્રથમ ગણધરનું નામ | : | | : પુષ્પચુલા |
| મોક્ષ આસન | : કાઉ | | : દશ ભવ |
| ચ્યવન કલ્યાણક | : ફાગણ વદ ૪ | જન્મ કલ્યાણક | : માગસર વદ ૧૦ |
| દીક્ષા કલ્યાણક | : માગસર વદ ૧૧ | કેવલજ્ઞાન કલ્યાણક | : ફાગણ વદ ૪ |
| મોક્ષ કલ્યાણક | : શ્રાવણ સુદ ૮ | મોક્ષ સ્થાન | : સમેતશીખર |

હાથ
શરીરનું
વિવાહીત
કેટલા સાથે દીક્ષા :
દિવસ
દીક્ષા વૃક્ષ :
જ્ઞાન નગરી :
ીઓની સંખ્યા

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩